" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 248 | AD - 2026, Jeth Vad -14 | Sunday, Dt. 14-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ચાર દિવસથી ચાલી રહેલા આંદોલનમાં અત્યાર સુધીમાં ૪૫થી વધુના મોત, ૧૧૦૦ પ્રદર્શનકારીઓની અટકાયત

# પીઓકેમાં પાકિસ્તાનના અમાનુષી ત્રાસ સામે ઠેર-ઠેર વિરોધ

નવી દિલ્હી,તા.૧૩

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા ઉગ્ર આંદોલનને કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી હિંસક અથડામણમાં અત્યાર સુધીમાં ૪૬ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, તણાવપૂર્ણ માહોલ વચ્ચે વહીવટીતંત્ર દ્વારા માત્ર ચાર દિવસના ટૂંકા ગાળામાં જ ૧૧૦૦થી વધુ પ્રદર્શનકારીઓની અટકાયત અથવા ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર વિસ્તારમાં લશ્કરી દળોની હાજરી હોવા છતાં લોકોનો આક્રોશ શમવાનું નામ નથી લઈ રહ્યો અને હિંસાની આગ સતત પ્રસરી રહી છે.આ હિંસક વિરોધ પ્રદર્શન પાછળ PoK વિધાનસભાની ૧૨ અનામત બેઠકોનો વિવાદ મુખ્ય જવાબદાર છે. આ બેઠકો ખાસ કરીને એવા શરણાર્થીઓ માટે અનામત રાખવામાં આવી છે જેઓ જમ્મુ-કાશ્મીર છોડીને પાકિસ્તાનના અન્ય ભાગોમાં જઈને વસ્યા હતા. 'જોઈન્ટ અવામી એક્શન કમિટી' આ અનામત બેઠકોની જોગવાઈને સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ સાથે રસ્તા પર ઉતરી છે. આ આંદોલનને કચડી નાખવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂના રોજ આ સમિતિ પર આતંકવાદ વિરોધી કાયદા હેઠળ પ્રતિબંધ મૂકી દીધો હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં નારાજગી અને આક્રોશ બમણો થઈ ગયો છે. મુઝફ્ફરાબાદ અને મીરપુર જેવા મુખ્ય શહેરોમાં બજારો, શાળાઓ, કોલેજો અને સરકારી કચેરીઓ સંપૂર્ણપણે બંધ



છે. તંત્ર દ્વારા ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હોવા છતાં પ્રદર્શનકારીઓનો ઉત્સાહ ઓછો થયો નથી અને તેઓ લાંબા ધરણાની તૈયારીઓ કરી રહ્યા છે.સ્થિતિ પર કાબૂ મેળવવા માટે પાકિસ્તાન આર્મી અને સરકારે પૂંછ, મીરપુર તથા મુઝફ્ફરાબાદમાં અર્ધસૈનિક દળો, રેન્જર્સ અને ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરીના જવાનોને મોટી સંખ્યામાં તૈનાત કર્યા છે. પ્રશાસને આંદોલનના મુખ્ય નેતાઓ શૌકત નવાઝ મીર અને ખ્વાજા મેહરાન સહિત અન્ય અગ્રણીઓ પર રાજદ્રોહનો ગુનો દાખલ કર્યો છે. સરકાર સૈન્યના ડરથી આંદોલન દબાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ નેતાઓ અંડરગ્રાઉન્ડ થઈને પણ વિરોધ ચલાવી રહ્યા છે. રાવલાકોટમાં સમિતિના અગ્રણી નેતા ઉમર નઝીર કાશ્મીરીએ સપ્તાહના અંતે છુપાયેલા હોવા છતાં ખીણમાંથી સુરક્ષા દળો હટાવવાની માંગ કરતું એક ઉગ્ર ભાષણ આપ્યું હતું. સમગ્ર વિસ્તારમાં નેટબંધી હોવા છતાં આ ભાષણ સોશિયલ મીડિયા પર લાઈવ પ્રસારિત થયું હતું, જેમાં સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટનો ઉપયોગ કરાયો હોવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે. લાંબા સમયથી ચાલી રહેલા આ બંધ અને હિંસાના કારણે PoKમાં સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી ગઈ છે. બજારો સજ્જડ બંધ હોવાના કારણે સ્થાનિક બજારોમાં જીવનજરૂરી દવાઓ અને રાશનની તીવ્ર અછત સર્જાઈ છે, જેના લીધે જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. ઈન્ટરનેટ અને સંદેશાવ્યવહારના માધ્યમો બંધ થવાથી આ કાશ્મીરી ખીણ બાહ્ય દુનિયાથી તદ્દન કપાઈ ગઈ છે. આ માનવીય સંકટ અને પાકિસ્તાન સરકારની દમનકારી નીતિઓ સામે હવે વૈશ્વિક સ્તરે પણ વિરોધ શરૂ થઈ ગયો છે. લંડન અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય શહેરોમાં વસતા કાશ્મીરી સમુદાયના લોકોએ રસ્તા પર ઉતરીને પાકિસ્તાન સરકાર અને તેની સેના વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ નોંધાવ્યો છે.

# આસામમાં વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા પાંચ જવાનો શહીદ, એક કો-પાયલોટ ગંભીર

ગૌહાટી,તા.૧૩

આસામના જોરહાટ સ્થિત રૌરિયા ઈન્ડિયન એરબેઝ પર શનિવારે સવારે ૧૦ વાગ્યે લેન્ડિંગ દરમિયાન ભારતીય વાયુસેનાનું એક વિમાન ક્રેશ થયું હતું. આ કરુણ દુર્ઘટનામાં પાયલટ સહિત ૫ જવાનો શહીદ થયા છે. શહીદ થયેલા વીરોમાં સ્ક્વોડ્રન લીડર પ્રશાંત સિંહ, ફ્લાઈટ લેફ્ટનન્ટ શુભમ કુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમનો સમાવેશ થાય છે. આ સિવાય વિમાનના એક



કો-પાયલટ ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે વિમાન એરબેઝ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. લેન્ડિંગ વખતે વિમાન અચાનક દુર્ઘટનાગ્રસ્ત થતાં જ તેમાં ભયાનક આગ લાગી ગઈ હતી અને તે બે ટુકડામાં તૂટી ગયું હતું. આ એક AN-૩૨ કાર્ગો વિમાન હતું, જેનો ઉપયોગ સામાન્ય રીતે સૈનિકો અને લશ્કરી સામાનની હેરફેર માટે કરવામાં આવે છે. હાલમાં આ અકસ્માત પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી.ભારતીય વાયુસેનાએ સત્તાવાર માહિતી આપતા જણાવ્યું કે આ વિમાન પોતાની રૂટિન ઉડાન પર હતું. વાયુસેનાએ લોકોને અપીલ પણ કરી છે કે તપાસના શરૂઆતી પરિણામો ન આવે ત્યાં સુધી આ બાબતે કોઈ પણ પ્રકારની અટકળો કે અનુમાન ન લગાવવા જોઈએ. અકસ્માતની સાચી વિગતો મેળવવા માટે 'કોર્ટ ઓફ ઈન્કવાયરી'ના આદેશ આપી દેવામાં આવ્યા છે. ભારતીય વાયુસેના પાસે હાલમાં લગભગ ૧૦૦ એન્ટોનોવ AN-૩૨ ટેક્ટિકલ ટ્રાન્સપોર્ટ વિમાનોનો સક્રિય કાફલો છે.

# રીપોર્ટ : લગ્ન બાદ દેશમાં પુરૂષોની આત્મહત્યાના કેસમાં આવ્યો ઉછાળો

**પુરૂષોની આત્મહત્યામાં છેલ્લાં ૧૦ વર્ષમાં ૮૨%નો વધારો**

નવી દિલ્હી,તા.

ભારતમાં બદલાતી સામાજિક પરિસ્થિતિઓ અને કૌટુંબિક તણાવની વચ્ચે એક અત્યંત ચોંકાવનારો ટ્રેન્ડ સામે આવ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના આંકડા દર્શાવે છે કે દેશમાં લગ્ન સંબંધિત વિવાદો અથવા પત્ની સાથેના અણબનાવને કારણે આત્મહત્યા કરનારા પરિણીત પુરુષોની સંખ્યા



ઝડપથી વધી રહી છે. છેલ્લા એક દાયકામાં આ આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે, જે વર્તમાન કૌટુંબિક વ્યવસ્થા સામે એક મોટો પ્રશ્નાર્થચિન્હ ઊભો કરે છે. NCRBના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫માં લગ્નજીવનના વિવાદોને કારણે આશરે ૨,૪૯૭ પુરુષોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો, જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં આ આંકડો વધીને ૪,૫૩Unique પર પહોંચી ગયો છે. પરિણીત પુરુષોની આત્મહત્યાના આ દરમાં રેકોર્ડ ૮૨%નો વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે ઘરેલું અને માનસિક સમસ્યાઓ પુરુષોને કેટલા મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડી રહી છે. આ પરિસ્થિતિમાં પુરુષોના માનસિક સ્વાસ્થ્યને સમજવું અત્યંત મહત્વનું બની ગયું છે. અગાઉના રેકોર્ડ્સ પર નજર કરીએ તો લગ્ન સંબંધિત બાબતોમાં પુરુષો કરતાં મહિલાઓના આત્મહત્યાના કેસ વધુ જોવા મળતા હતા, પરંતુ વર્ષ ૨૦૨૨માં આ આખો આંકડો પલટાઈ ગયો હતો. વર્ષ ૨૦૨૪માં પણ આ ટ્રેન્ડ સતત ચાલુ રહ્યો છે, જ્યાં લગ્નજીવનના કલેશના કારણે મહિલાઓ કરતાં પુરુષો વધુ આત્મહત્યા કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૪માં લગ્ન સંબંધિત વિવાદોને કારણે કુલ ૮,૫૨૪ લોકોએ આત્મહત્યા કરી હતી. આ કુલ કેસમાંથી ૪,૫૩૬ એટલે કે આશરે ૫૩% પુરુષો હતા.





# જી-૭ બેઠકમાં હાજરી આપવા પ્રધાનંમત્રી મોદી ફ્રાન્સ રવાના

નવી દિલ્હી તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સમાં યોજાનારી જી-૭ ની બેઠકમાં હાજરી આપવા માટે પેરીસ જવા રવાના થયા છે. શ્રી મોદી અહી જી-૭ દેશોના રાષ્ટ્રવડાઓને મળશે જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર રહેશે તેવા સંકેત છે.શ્રી મોદી ફ્રાન્સના નીસ શહેરમાં આ ઉચ્ચ કક્ષાની શિબિરમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોના આમંત્રણથી જી-૭ બેઠકમાં હાજરી આપી રહ્યા છે અને અહી ભારત અને ફ્રાન્સ વચ્ચે રાફેલ વિમાનના બીજા તબકકાની ખરીદી અંગે પણ અંતિમ સહી-સિકકા થશે. ભારત અને ફ્રાન્સ એ બંને એક નવા વધુ મજબૂત સંબંધો ભણી આગળ વધી રહ્યા છે.

ત્યારબાદ તેઓ સ્લોવાકીયાની પણ મુલાકાત લેનાર છે. તા.૧૩ અને ૧૪ જૂન તેઓ ફ્રાન્સ રોકાશે તથા ૧૬ અને ૧૭ જૂન તેઓ પેરીસ પહોંચશે અને બાદમાં સ્લોવાકીયા જશે જયાં આ દેશના વડાપ્રધાન રોબર્ટ ફીફોના નિમંત્રણથી મુલાકાત લઈ રહ્યા છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૧૪-૦૬-૨૦૨૬

# અમરેલી એસ.ટી. વિભાગના અણઘડ વહીવટથી રાજુલા પંથકના મુસાફરોમાં રોષ

**એક જ સમયે બસો દોડાવતા મુસાફરો પરેશાન, નિગમને આવકનું નુકસાન**

રાજુલા,તા.૧૩

અમરેલી એસ.ટી. વિભાગ અને ખાસ કરીને રાજુલા તેમજ સાવરકુંડલા ડેપોનું તંત્ર સાવ ખાડે ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વડાપ્રધાન એક તરફ ડીઝલ અને સમય બચાવવાની વાત કરે છે, ત્યારે અહીંના અધિકારીઓની અણઘડ વ્યવસ્થાને લીધે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.રાજુલાથી સાવરકુંડલા જવા માટે સવારે ૧૦:૧૫ કલાકે બે બસો એકસાથે ઉપડે છે, ત્યારબાદ છેક બપોરે ૧૨ વાગ્યા સુધી કોઈ બસ મળતી નથી. આવી જ રીતે સાંજે ૫:૧૫ કલાકે રાજકોટ અને અમરેલી તરફ જતી બે બસો એકસાથે રવાના થાય છે, જેના પછી રાત્રે આઠ વાગ્યા સુધી એટલે કે ત્રણ કલાક સુધી કોઈ સુવિધા નથી.એક જ રૂટ પર સાથે બસો દોડાવવાને બદલે સમયમાં ફેરફાર કરાય તો મુસાફરોને સુવિધા મળે અને નિગમની આવક પણ વધે. ડ્રાઈવર-કંડક્ટરની અછતના બહાને તાજેતરમાં સવારે ૪:૫૫ ની રાજુલા-ભાવનગર બસ પણ બંધ કરી દેવાતા સ્થાનિકોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. ખરેખર વિભાગીય અધિકારીને રાજુલા ડેપો પ્રત્યે ઓરમાયુ વર્તન હોય તેવું જણાય આવે છે.

# પીપાવાવના APM ટર્મિનલે CPPI ૨૦૨૫માં વૈશ્વિક સ્તરે ૨૮મો ક્રમાંક મેળવ્યો

પીપાવાવ, તા.૧૩

પીપાવાવના APM ટર્મિનલે પોર્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ૨૦૨૫માં વૈશ્વિક સ્તરે ૨૮મું સ્થાન મેળવીને ભારતનું સૌથી ઉચ્ચ સ્થાન ધરાવતું ખાનગી કન્ટેઈનર પોર્ટ અને દેશનું બીજું સૌથી ઉચ્ચ ક્રમાંક ધરાવતું કન્ટેઈનર પોર્ટ બન્યું છે. આ પોર્ટે ૯૨.૬નો CPPI સ્કોર હાંસલ કર્યો છે જે તેની મજબૂત કામગીરી, જહાજોની ઝડપી અવરજવર, સર્વિસની વિશ્વસનીયતા, ગ્રાહકો તેમજ સપ્લાય ચેઈનને શ્રેષ્ઠ મૂલ્ય પ્રદાન કરવા પરના તેના સતત ફોકસને દર્શાવે છે. વર્લ્ડ બેંક અને એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સ દ્વારા સંયુક્ત રીતે પ્રકાશિત કરવામાં આવતો CPPI જહાજો દ્વારા પોર્ટ પર



વિતાવેલ સમય તથા એકંદર ઓપરેશનલ કાર્યક્ષમતાના આધારે કન્ટેનર પોર્ટની કામગીરી માપવા માટે વૈશ્વિક સ્તરે અગ્રણી બેન્ચમાર્ક પૈકીનો એક માનવામાં આવે છે. આ રેન્કિંગ પીપવાવની સતત સુધારાની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હરૂપ છે. છેલ્લા છ વર્ષમાં આ પોર્ટે પોતાના CPPI સ્કોરમાં સુધારો કરી તેને વર્ષ ૨૦૨૦ના ૭૮ થી વધારી વર્ષ ૨૦૨૫માં ૯૨.૬ કર્યો છે.

# અમરેલી જિલ્લામાં ૨૫ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો

**૮ મહિલાઓ પાસેથી પણ દેશી દારૂ મળી આવતા પોલીસે કડક કાર્યવાહી કરી**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં પોલીસની કડક કામગીરી છતાં દારૂડીયાઓ ગમે ત્યાંથી દારૂ શોધી જાહેરમાં ડોલતા જોવા મળી રહ્યાં છે. અમરેલી જિલ્લામાં ૨૫ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો, જેમાં આઠ મહિલાઓ પણ સામેલ હતી. તેમની પાસેથી કુલ ૧૧૩ લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જિલ્લાના વિવિધ સ્થળોએથી ૧૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા પોલીસના હાથે મળી આવ્યા હતા.

# અમરેલીમાં જ્વેલર્સની દુકાનમાંથી દાગીનાની ચોરી કરનાર આરોપીને પોલીસે દબોચ્યો

અમરેલી,તા.૧૩

અમરેલી શહેરમાં આવેલા ચિંતન જ્વેલર્સમાંથી રૂપિયા ૩,૩૫,૦૦૦ના સોના-ચાંદીના દાગીનાની ચોરી થવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આ વણશોધાયેલા ગુનાનો ભેદ ઉકેલવામાં અમરેલી એલ.સી.બી. ટીમને સફળતા મળી છે.તપાસ દરમિયાન ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે અમરેલીના ચિંતન જ્વેલર્સમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી, મહારાષ્ટ્રના જલગાંવથી આરોપી સોયેબ અબ્દુલ હમીદ દેશમુખને ઝડપી પાડ્યો છે. પોલીસ દ્વારા આરોપી પાસેથી રોકડા રૂ.



૩,૦૦૦ અને મોબાઈલ મળી કુલ રૂ. ૧૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું કે દસેક દિવસ પહેલાં તેની સાથેની બે મહિલાઓ (સુમૈયા અને રજીયા) જ્વેલર્સમાં દાગીના ખરીદવાના બહાને નજર ચૂકવી સોનાની બંગડીઓ ચોરી ગઈ હતી, જ્યારે પોતે બહાર વોચ રાખતો હતો.

# ગીરમાં થતી ગેરકાયદેસર મંજૂરી અંગે પીએમ, સીએમ સુધી રજૂઆત

અમરેલી,તા.૧૩

એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીર જંગલ અને તેની આસપાસના વિસ્તારોમાં પર્યાવરણીય નિયમોના કથિત ઉલ્લંઘનનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. અમરેલી જિલ્લાના ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળના વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને વિવાદાસ્પદ મંજૂરીઓ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ગુજરાત રાજ્ય વન્યજીવન બોર્ડના વર્તમાન અને પૂર્વ સભ્યો તેમજ પર્યાવરણપ્રેમીઓએ આ મામલે ચિંતા વ્યક્ત કરી છે. ગીરના સંવેદનશીલ પર્યાવરણ અને સિંહોના સંરક્ષણને ધ્યાનમાં રાખીને PM નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓને પત્ર પાઠવી સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં આજે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે

અમરેલી, તા.૧૩

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે, 'વિકસિત ભારત વિકસિત ગુજરાત સંકલ્પ' અંતર્ગત ભારતીય જનતા પાર્ટી અમરેલી જીલ્લા દ્વારા "વિકસિત ભારત સંકલ્પ સંમેલન"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન ૧૪ જૂન ૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, અમરેલી સ્થિત શાંતાબા જનરલ હોસ્પિટલ ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના મંત્રી જીતુભાઈ વાઘાણી, કૌશિકભાઈ વેકરીયા અને પૂર્વ મંત્રી આર.સી. ફળદુ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે સાંસદ ભરતભાઈ સુતરીયા, જીલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા અને હીરાભાઈ સોલંકી સહિતના અગ્રણીઓ હાજરી આપશે. અમરેલી જીલ્લા ભાજપ દ્વારા આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કુકાવાવ તાલુકાના કોલડા ગામનો યુવક સગીરાને બદકામના ઈરાદે ભગાડી ગયો

**સગીરાના પિતાએ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

વડિયા, તા.૧૩

કુકાવાવના કોલડા ગામના એક યુવક સામે સગીરાને બદકામના ઈરાદે ભગાડી જવાની ફરિયાદ નોંધાઈ છે. સગીરાની માતાએ કોલડા ગામના રોનકભાઈ મુકેશભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતાં, તેને લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાના તથા બદકામ કરવાના ઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. કે. એસ. ડાંગર આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં સોરઠીયા દરજી સમાજનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો

અમરેલી, તા.૧૩

અમરેલીમાં પવિત્ર અધિક માસ નિમિત્તે શ્રી સોરઠીયા દરજી સમાજ દ્વારા ભવ્ય સમૂહ ભોજન અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ એકત્રિત થઈને સામાજિક એકતા દર્શાવી હતી. કાર્યક્રમમાં ભક્તિભજનોની રમઝટથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ રૂડા અવસરે સમાજના વડીલોનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું, તેમજ સમૂહ ભોજનના મુખ્ય દાતા હરેશભાઈ ચૌહાણનું શાલ અને સન્માનપત્ર આપીને વિશેષ સન્માન કરાયું હતું. અંતે, સૌ જ્ઞાતિજનોએ સમૂહ ભોજનનો લાભ લઈ દાતાઓનો આભાર માન્યો હતો.




# ઉર્જામંત્રી કૌશિક વેકરિયાના જન્મદિવસ નિમિત્તે વરસડા ખાતે બટુક ભોજન કરાવવામાં આવ્યું

અમરેલી, તા.૧૩

ગુજરાત રાજ્યના કાયદા અને ઊર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસ નિમિત્તે વરસડા ખાતે આંગણવાડી તથા પ્રાથમિક શાળાના નાના ભૂલકાંઓ સાથે મંત્રીએ આત્મીયતાપૂર્વક સમય વિતાવીને પોતાના હાથે બાળકોને



કેક ખવડાવી હતી.આ પ્રસંગે વરસડા ગામના આગેવાન અને તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ વાળાએ મંત્રીની જનસેવા અને વિકાસ કાર્યોની સરાહના કરી બાળકો સાથે જન્મદિવસ ઉજવવાની આ ક્ષણને ગૌરવરૂપ ગણાવી હતી. કાર્યક્રમમાં ગ્રામજનો, આગેવાનો, પંચાયતના પ્રતિનિધિઓ, શિક્ષકો અને આંગણવાડી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના દલખાણીયા ગામે રહેણાંક મકાનમાંથી ૧૦૧ બોટલ દારૂ પકડાયો

**જિલ્લામાં ૭ લોકો કેફી પીણુ પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા**

ધારી, તા. ૧૩

ધારીના દલખાણીયા ગામે એક રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૧૦૧ બોટલ મળી આવી હતી. પોલીસે કુલ રૂ. ૧૧,૨૧૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં ૫ વ્યક્તિઓ પાસેથી ૧૮ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જ્યારે વિવિધ સ્થળોએથી ૭ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

**મહે. શ્રી લાઠી તાલુકા એકઝીકયુટીવ મેજી. લાઠી મામલતદાર કચેરી**

ફો.પ.અ.નં.૬૨/૨૦૨૬

અરજદાર :- રાખોલીયા મનસુખભાઈ અરજણભાઈ ઉ.વ. ૬૫ પુખ્ત
ધંધો ખેતીકામ ધર્મે હિન્દુ/પટેલ
રહે.અલીઉદેપુર, તા.લાઠી, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણ ત.ક.મ. ગ્રામ પંચાયત
કચેરી અલીઉદેપુર

**-// જાહેર નોટીસ //-**

**(જન્મનોધના સમર્થનમા)**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર અલીઉદેપુર હાલ સુરત મુકામેના ગામના રહેવાસી છે. અરજદારની પુત્રી રાખોલીયા મનિષાબેન મનસુખભાઈ ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પુત્રી રાખોલીયા મનિષાબેન મનસુખભાઈ ની જન્મ તારીખ-૫/૧/૧૯૮૫ ના રોજ તેમના નીવાસ સ્થાન અલીઉદેપુર તા. લાઠી ગામે જે તે સમયે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખઃ ૧/૭/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩ઃ૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામા કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૮/૬/૨૦૨૬** — **એકઝીકયુટીવ મામ સાહેબ કચેરી**

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧| || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
**યમુના જવેલર્સ**
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# કુંકાવાવના ભુખલી સાથળી ગામે ચેકડેમ અને કોઝવેનું લોકાર્પણ

કુંકાવાવ,તા.૧૩

કુંકાવાવ-વડિયા તાલુકાના ભુખલી સાથળી ગામે નિર્માણ પામેલા ચેકડેમ અને કોઝવેનું લોકાર્પણ રાજ્યના ઊર્જા અને કાયદા વિભાગના મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલું આ મહત્વપૂર્ણ જળસંચય કાર્ય ટૂંકા ગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. ૪૪ મીટર લંબાઈ અને ૧.૩૦ મીટર ઊંડાઈ ધરાવતા આ ચેકડેમમાં અંદાજે ૨.૬૮ કરોડ લિટર પાણીનો સંગ્રહ થઈ શકશે, જે વિસ્તારના ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.





આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે ચેકડેમ માત્ર પાણી સંગ્રહનું સાધન નથી, પરંતુ સમગ્ર વિસ્તારના કૃષિ વિકાસ માટે મજબૂત આધારસ્તંભ સમાન છે. ચેકડેમ અને નદીના ઊંડીકરણના કારણે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે, જેના પરિણામે આસપાસના કૂવા અને બોરમાં પાણીની ઉપલબ્ધતા વધશે. આ ઉપરાંત આશરે આઠ હેક્ટર જેટલી ખેતીલાયક જમીનને સીધો લાભ મળશે અને ખેડૂતોની ઉત્પાદન ક્ષમતામાં પણ વધારો થશે. તેમણે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ખેડૂતોની સમૃધ્ધિ માટે સતત કાર્ય કરી રહી છે. પાણી, વીજળી, માર્ગ અને સિંચાઈ જેવી મૂળભૂત સુવિધાઓના વિકાસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોને વધુ આત્મનિર્ભર અને સમૃધ્ધ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. સ્થાનિક કૃષિકાર નનાભાઈ આહીરે જણાવ્યું હતું કે ચેકડેમના નિર્માણથી પાણીના તળ ઊંચા આવશે અને ખેતીને લાંબા ગાળે લાભ મળશે. આ

**જળસંચયથી કૃષિ વિકાસને મળશે નવી દિશા મળશે**

જળસંચય યોજના ખેડૂતો, પશુપાલકો અને સમગ્ર ગ્રામ્ય અર્થતંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થશે. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના આગેવાનો, સરપંચો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ચલાલા,તા.૧૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ૨૯૧મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ અને સર્વરોગ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અને સરકારી દવાખાનાના નિષ્ણાંત ડોક્ટરોએ સેવા આપી હતી, જેનો કુલ ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો.




ડૉ. રતિદાદાના આશીર્વાદ અને દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કેમ્પમાં તેમણે લોકોને વ્યસનમુક્ત અને સત્યના માર્ગે ચાલવા પ્રેરણા આપી હતી.સ્વ. બાબુલાલ વાલજીભાઈ રૂપારેલીયાના આર્થિક સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં ૧૮ દર્દીઓને રાજકોટ ખાતે ફેકોમશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન કરી નેત્રમણી બેસાડવામાં આવી હતી. આ ઉપરાંત, દંતયજ્ઞમાં અને આયુર્વેદિક કેમ્પમાં ડૉ. પ્રકાશભાઈ તથા ડૉ. આરતીબેન દ્વારા દર્દીઓને તપાસીને વિનામૂલ્યે દવાઓ આપવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, મંજુબા અને શીતલબેન સહિતના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# વિકાસ, પ્રવાસન અને વન્યજીવ સંરક્ષણનો અનોખો સંગમ એટલે ધારીનો આંબરડી સફારી પાર્ક

ધારી,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે જનકલ્યાણની સિધ્ધિઓની ઉજવણી થઈ રહી છે. આ અંતર્ગત અમરેલીના ધારી ખાતે આવેલ આંબરડી સફારી પાર્ક રાજ્ય સરકારની દુરંદેશી નીતિઓનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બન્યું છે. ૩૬૫ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા આ પાર્કના નિમાર્ણ પાછળ અંદાજે રૂ. ૧૦ થી ૧૨ કરોડનો ખર્ચ કરાયો છે.અહીં પ્રવાસીઓ માટે પાર્કિંગ, રિસેપ્શન, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ફૂડ કોર્ટ અને દિવ્યાંગો માટે વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ છે.



પાર્કમાં વિશ્વના સૌથી મોટા સિંહ સ્ટેચ્યુ પૈકીનું એક ભવ્ય આકર્ષણ છે, જેને વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયાનું નોમિનેશન મળ્યું છે. વન્યજીવોની સારવાર માટે અહીં આધુનિક મેડિકલ સુવિધાઓ અને સિંહ દર્શન માટે પાંચ આધુનિક સફારી બસો કાર્યરત છે.વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૧,૩૦,૯૫૮ પ્રવાસીઓએ આ પાર્કની મુલાકાત લીધી હતી, જેનાથી અંદાજિત રૂ. ૨૦.૪૩ કરોડથી વધુની આવક થઈ છે. આ પાર્ક પર્યાવરણ સંરક્ષણ અને સ્થાનિક પ્રગતિનું પ્રેરણાદાયક મોડેલ સાબિત થયું છે

# ધારી કોર્ટના ક્રિમીનલ કેસમાં ૭ વર્ષથી નાસતા બે આરોપીને પકડતી અમરેલી પેરોલ ફર્લો સ્કવોર્ડ

અમરેલી,તા.૧૩

અમરેલી પોલીસ દ્વારા ધારી કોર્ટના કેસોમાં છેલ્લા સાત વર્ષથી નાસતા ફરતા બે સગા ભાઈઓ, અમિતભાઈ વિનોદભાઈ માધવાણી (૪૧ વર્ષ) અને કાર્તિકભાઈ વિનોદભાઈ માધવાણી (૪૭ વર્ષ)ને ૧૧/૦૬/૨૦૨૬ના રોજ નવસારી ખાતેથી ઝડપી પાડવામાં આવ્યા હતા.



આ બંને આરોપીઓ વિરૂધ્ધ ધારી કોર્ટમાં 'ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ'ની કલમ ૧૩૮ હેઠળના કેસો પેન્ડિંગ હતા. પોલીસે બંનેને પકડી આગળની કાર્યવાહી માટે ધારી પોલીસ સ્ટેશનને સોંપી દીધા છે.

# સા.કુંડલામાં પોલીસ વિભાગની પરીક્ષાની તૈયારી કરતી યુવતીએ એસિડ પીધું

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલામાં પોલીસ વિભાગની પરીક્ષાની તૈયારી કરતી યુવતીએ એસિડ પીધું હતું. આ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, યુવતી પોલીસ વિભાગની પરીક્ષાની તૈયારી કરતી હતી અને સાથે નોકરી પણ કરતી હતી. નોકરીના કારણે પોલીસ વિભાગની પરીક્ષાની પૂરતી તૈયારી થઈ શકી નહોતી, જેના કારણે તેને દશેક દિવસથી ટેન્શન રહેતું હતું. આ વાત મન પર લાગી આવતાં, નોકરી દરમિયાન બાથરૂમમાં રહેલી એસિડની બોટલમાંથી તેણે પોતાની મેળે થોડુંક એસિડ પી લીધું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# પાન-માવાની થેલી મૂકવા જેવી નજીવી બાબતે સગાં ભાભીએ મૂઢમાર માર્યો

જાફરાબાદ, તા.૧૩

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલી તલાવડી પાસે પાન-માવાની થેલી મૂકવા જેવી નજીવી બાબતે સગાં ભાભીએ નણંદને મૂઢમાર માર્યાની ઘટના સામે આવી છે. આ અંગે વનીતાબેન રાકેશભાઈ બારૈયા (ઉ.વ.૩૫, રહે. પોરબંદરવાળાએ પારૂલબેન, શારદાબેન અને પુજીબેન સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, પારૂલબેન તેમના સગાં ભાભી થાય છે અને તેઓ બાજુ-બાજુમાં જ રહે છે. વનીતાબેનના ભાઈએ તેમના ઘરે પાન-માવાની થેલી મૂકી હતી, જે પારૂલબેનને ગમ્યું નહોતું. આ બાબતનો ખાર રાખી પારૂલબેને વનીતાબેનને માથાના ભાગે લોખંડનો સળિયો ફટકાર્યો હતો. તેમજ અન્ય આરોપીઓએ પણ એકસંપ થઈને વનીતાબેન તથા વચ્ચે બચાવવા આવેલા સાક્ષીને સળિયા વડે મૂઢમાર મારી, ગાળો આપી ઈજા પહોંચાડી હતી. આ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. પી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# મેવાસામાં માતાજીના માંડવામાં નશાની હાલતમાં ન આવવાનું કહેતા હુમલો

વંડા, તા.૧૩

મેવાસા ગામના ડુંગર વિસ્તારમાં મેલડી માતાજીના મંદિરે માતાજીના માંડવામાં નશાની હાલતમાં ન આવવાનું કહેતા હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ અંગે વંડા ગામના ભનુભાઈ વલ્લભભાઈ આંકોલીયાએ વિજયભાઈ જોરુભાઈ મૈત્રા (રહે. પિયાવા), સાવજભાઈ દદુભાઈ ખુમાણ (રહે. મેવાસા) તથા રાજુભાઈ ભોળાભાઈ હજામ (રહે. પિયાવા) સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીના પરિવારને મેવાસા ગામના ડુંગર વિસ્તારમાં મેલડી માતાજીના મંદિરે માનતા હોવાથી, તેઓ પરિવાર સાથે ત્યાં ગયા હતા. તે દરમિયાન સાંજના આશરે પોણા સાતેક વાગ્યે આરોપીઓ ત્યાં નશાની હાલતમાં આવ્યા હતા. જેથી ફરિયાદીએ ત્રણેય આરોપીઓને માતાજીના માંડવામાં નશાની હાલતમાં ન આવવાનું જણાવ્યું હતું. આ બાબતનું મનદુઃખ રાખી, રાત્રિના આશરે પોણા બે વાગ્યા આસપાસ ફરિયાદી તથા સાહેદ બાવકુભાઈ અને સહદેવભાઈ રાવળ ત્રણેય માતાજીના મંદિરના

**ગામના ડુંગર વિસ્તારમાં મેલડી માતાજીના મંદિરે ઘટના બની**

ઓટલા ઉપર સૂતા હતા, ત્યારે આરોપીઓ લોખંડની પાઈપ સાથે ધસી આવ્યા હતા અને આડેધડ માર મારવા લાગ્યા હતા. ઉપરાંત સાહેદો પર પણ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તોએ બૂમાબૂમ (રાડારાડ) કરવા માંડતા ત્રણેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયા હતા.




# અમરેલીમાં સોલાર ફિટિંગ દરમિયાન લોખંડના ઘોડા પરથી પટકાતાં યુવકનું મોત

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરમાં સોલાર પેનલ ફિટિંગના કામ દરમિયાન ઊંચાઈ પરથી નીચે પટકાતાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે. અગાસી પર કામ કરતી વખતે અચાનક સંતુલન ખોરવાઈ જતાં આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અંગે દેવરાજીયાના જય ભગીરથ પ્લોટ વિસ્તારમાં રહેતા કાંતિભાઈ બાબુભાઈ ભાલુ એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર રજનીભાઈ કાંતિભાઈ ભાલુ (ઉ.વ. ૨૩) અગાસી ઉપર લોખંડના ઘોડા પર ચડીને સોલારનું કામ કરી રહ્યો હતો. તે દરમિયાન ઘોડા પરથી નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેનું મોત નીપજ્યું હતું. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.




## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૨૫/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી વાઢેર લખમણભાઈ મસરીભાઈ,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર ... અરજદાર
જિલ્લો-ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ડોળાસા,
તા.કોડીનાર, જિ.-ગીર સોમનાથ ...સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ **લખમણભાઈ મસરીભાઈ વાઢેર તથા નાગલબેન લખમણભાઈ વાઢેરના પુત્ર વાઢેર ગોપાલ લખમણનો જન્મ** તારીખઃ ૦૫/૦૯/૧૯૮૫ ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમનાં જન્મની નોંધ ગ્રામ પંચાયત ડોળાસા, તાલુકો-કોડીનાર **સને ૧૯૮૫** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.../૦૩/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



# અમરેલીમાં નગરપાલિકા દ્વારા 'સ્વનિધિ મહોત્સવ' અંતર્ગત લાભાર્થીઓને ચેકનું વિતરણ કરાયું

અમરેલી,તા.૧૩




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સુશાસનની ઉજવણીના ભાગરૂપે પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ જિલ્લા કક્ષાએ "સ્વનીધી મહોત્સવ"નું આયોજન શુક્રવારે અમરેલીમાં નગરપાલિકા મુકામે ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે ૧૫ જેટલા લાભાર્થીઓને સ્થળ પર ચેક વિતરણ, બે લાભાર્થીને ક્રેડીટ કાર્ડ, ફેરિયાના પરિચય બોર્ડ, નવા લાભાર્થીઓના લોન તેમજ ક્રેડીટ કાર્ડ અંગેના અરજી ફોર્મ, ડીઝીટલ પેમેન્ટ મર્ચન્ટ ક્યુઆર કોડ, વિગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરેલ હતી. આ તકે નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મોલિકભાઈ ઉપાધ્યાય, મામલતદાર અમરેલી શહેર દવેભાઈ, નગરપાલીકાના ચીફ ઓફીસર વિનોદભાઈ રાઠોડ ઉપસ્થિત રહેલ હતા. વિશેષમાં પીએમ સ્વનીધી યોજના અન્વયે અમરેલી નગરપાલીકા વિસ્તારના ૩,૦૫૮ શહેરી ફેરિયાઓને ૭.૮૩ કરોડ જેવી રકમની ટર્મ લોન અત્યાર સુધીમાં ચૂકવામાં આવેલ છે.

# લાઠીના હિરાણા ખાતે જનક તળાવીયાની ઉપસ્થિતિમાં જનકલ્યાણ શિબિર યોજાઈ

લાઠી,તા.૧૩




લાઠી તાલુકાના હિરાણા ગામ ખાતે ચાવંડ જિલ્લા પંચાયત બેઠક વિસ્તારને આવરી લેતી જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય સરકારની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓએ સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે જ નાગરિકોની અરજીઓ, પ્રશ્નો અને રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ લાવવા પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે જનકલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# અમરેલીમાં ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન મેમો આપતાં બે વિદ્યાર્થીઓએ પોલીસ સાથે ગેરવર્તન કર્યું

**'વાહન તમારી ઉપર ચડાવી દઈ મારી નાખીશું' તેમ કહી ધમકી આપી**

અમરેલી, તા. ૧૩

અમરેલીમાં ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન મેમો આપતાં બે વિદ્યાર્થીઓએ પોલીસ સાથે ગેરવર્તન કર્યું હતું, તેમજ 'વાહન તમારી ઉપર ચડાવી દઈ મારી નાખીશું' તેવી ધમકી આપી હતી. કાર્તિક અશ્વિનભાઈ નેનુજી (ઉં.વ. ૧૯, ધંધોઃ અભ્યાસ) તથા પ્રશાંતભાઈ અશ્વિનભાઈ નેનુજી (ઉં.વ. ૧૮, ધંધોઃ અભ્યાસ) એ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન વાહન ઊભું રાખ્યું નહોતું. તેમજ તેઓની પાસે આર.ટી.ઓ. લગતના કાગળો ન હોવાથી પોલીસે આર.ટી.ઓ. મેમો આપ્યો હતો. જેથી બંને ઈસમોએ ઉગ્ર બોલાચાલી કરી, ઉશ્કેરણીજનક શબ્દો બોલી, 'તેઓનું એક્ટિવા વાહન તમારી ઉપર ચડાવી દઈ મારી નાખીશું' તેવી ધમકી આપી કાયદેસરની ફરજમાં રુકાવટ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી. વી. સરવૈયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ઈંગોરાળા ગામે લાઈટના અંજવાળે પત્તા ટીચતાં ૫ ઝડપાયા

ખાંભા, તા. ૧૩

ખાંભાના ઈંગોરાળા ગામે લાઈટના અંજવાળે પત્તા ટીચતાં ૫ શખ્સો પકડાયા હતા. પોલીસે રૂ. ૧૪,૯૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બાલુભાઈ કાંતિભાઈ પરમાર, દિનેશભાઈ પ્રેમજીભાઈ પરમાર, બચુભાઈ મનસુખભાઈ વાઘેલા, ભાવેશભાઈ કરશનભાઈ સરવૈયા તથા સુરેશભાઈ ધીરૂભાઈ પરમાર જાહેરમા લાઈટના અંજવાળે ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા.

પોલીસે તેમની પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂ. ૧૪,૯૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. પી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના વાંડળિયા ગામે દીકરી વિધર્મી સાથે ભાગી જતાં પિતાનું ઝેરી દવા પીવાથી મોત

**મધ્ય પ્રદેશનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો**

બાબરા, તા.૧૩

બાબરાના વાંડળિયા ગામે મધ્ય પ્રદેશનો પરિવાર મજૂરી અર્થે આવ્યો હતો. આ પરિવારની દીકરી વિધર્મી સાથે ભાગી જતાં પિતાએ ઝેરી દવા પી લીધી હતી, જેથી તેમને સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૂળ મધ્ય પ્રદેશના ટાંડા તાલુકાના દેલઘાટા ગામના અને હાલ વાંડળિયા ગામે વાડીએ રહેતા રીનાબેન કાળુભાઈ અજનાર (ઉ.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી છેલ્લા ત્રણેક દિવસથી કોઈ મુસ્લિમ છોકરા સાથે ભાગી ગઈ હતી. જેથી તેમના પતિ કાળુભાઈ ઠાકુરભાઈ અજનાર (ઉ.વ.૪૨) સતત તેની ચિંતામાં રહેતા હતા. આ વાત મનમાં લાગી આવતા તેમણે પોતાની જાતે ખડ નાશક ઝેરી દવા પી લીધી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના સરંભડા ગામના ખેડૂતને જાનથી મારવાની ધમકી

**માટીના ફેરા ભરવા મુદ્દે માથાકૂટ થઈ હતી**

અમરેલી, તા.૧૩

અમરેલીના સરંભડા ગામના ખેડૂતને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી.

આ અંગે રણજીતભાઈ મંગળુભાઈ વાળાએ અનિલભાઈ દુધાત, વિનુભાઈ દુધાત, પ્રફુલભાઈ દુધાત તથા વિનુભાઈના કાકાના દીકરા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના ગામથી ધારી ગામે તલવાર લઈ રિપેરિંગ કરાવવા માટે જતા હતા, તે દરમિયાન હુલરિયા ગામના રસ્તા પર તેમને રોકીને ધક્કો મારી પાડી દેતાં પગના ભાગે ઈજા થઈ હતી. તેઓ ત્યાંથી નીકળી આગળ પુલ પાસે પહોંચતાં, આરોપીઓને માટીના ફેરા ભરવા બાબતે ના પાડ્યાનું મનદુઃખ રાખી અનિલભાઈ દુધાતે તેમની તલવાર ખેંચી લઈ મારી હતી.

ઉપરાંત અન્ય આરોપીઓએ ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો અને પગમાં તેમજ માથાના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. કે. ડામોર ફરીયાદ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં મહિલાએ ઘર આગળ ગાળો બોલવાની ના પાડતાં માર માર્યો

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલામાં એક મહિલાએ ઘર આગળ ગાળો બોલવાની ના પાડતાં તેને વાળ પકડીને ઢસડવામાં આવી હતી, તેમજ ગાળો આપી જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ઈલુબેન મુકેશભાઈ રાઠોડ (ઉ.વ. ૩૦)એ ચિરાગભાઈ ગોરધનભાઈ રાઠોડ, શુભમ પ્રવિણભાઈ રાઠોડ તથા સુનિલ મેઘજીભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, તેમના ઘર આગળ ચિરાગભાઈ રાઠોડ ગાળો બોલતા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતા ચિરાગભાઈએ તેમના વાળ પકડીને ઢસડ્યા હતા. જ્યારે શુભમ રાઠોડે તેમને શરીરે ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો તથા સુનિલ બગડાએ સાહેદને જેમ ફાવે તેમ શરીરે ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. આરોપીઓએ ગાળો આપી, જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો આપી જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી**

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૭૯૪ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૬૦ | ૧૧૧૧ |
| જુવાર લાલ | ૯૨૫ | ૧૧૨૮ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૧૦ |
| બાજરી | ૩૫૩ | ૫૫૦ |
| તુવેર | ૧૧૧૦ | ૧૫૦૫ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૧૬૯ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૨૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| મગ | ૧૨૩૧ | ૧૭૫૫ |
| વાલ દેશી | ૮૧૫ | ૯૯૦ |
| ચોળી | ૧૦૧૧ | ૧૪૭૫ |
| વટાણા | ૫૫૦ | ૯૩૬ |
| કળથી | ૩૦૬ | ૩૯૦ |
| રાજમા | ૬૦૦ | ૧૫૯૦ |
| સીંગદાણા | ૧૪૮૦ | ૧૭૮૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૫૪૯ |
| મગફળી જીણી | ૧૨૭૫ | ૧૫૩૧ |
| તલી | ૧૭૯૦ | ૨૪૩૫ |
| એરંડા | ૧૨૩૩ | ૧૩૫૦ |
| અજમો | ૨૫૦૦ | ૩૧૮૪ |
| સુવા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૪૨૫ |
| સીંગફાડા | ૧૩૨૦ | ૧૪૬૫ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૭૩૫ |
| લસણ | ૧૦૭૫ | ૨૪૮૦ |
| ધાણા | ૨૧૭૫ | ૨૫૦૦ |
| ધાણી | ૨૩૫૦ | ૨૬૫૮ |
| વરીયાળી | ૧૦૦૦ | ૨૩૨૫ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૮૬૭ |
| રાય | ૧૨૮૦ | ૧૬૮૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ઇસબગુલ | ૧૪૦૦ | ૧૮૬૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૦૫૦ |
| કલોંજી | ૨૯૪૦ | ૩૪૦૫ |
| રાયડો | ૧૧૪૦ | ૧૪૦૧ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૮૪૫૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૧૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૧૬ | ૬૨૬ |
| લીંબુ | ૬૫૧ | ૧૨૬૬ |
| પપૈયા | ૭૩ | ૧૪૬ |
| બટેટા | ૧૦૩ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૮૦ |
| ટમેટા | ૫૨૮ | ૮૪૫ |
| સુરણ | ૭૩૪ | ૯૮૫ |
| કોથમરી | ૫૫૨ | ૭૨૬ |
| રીંગણા | ૧૩૧ | ૩૦૨ |
| કોબીજ | ૧૫૫ | ૨૬૬ |
| ફ્લાવર | ૩૫૫ | ૫૮૯ |
| ભીંડો | ૩૧૧ | ૫૯૨ |
| ગુવાર | ૭૧૫ | ૧૩૫૬ |
| ચોળાસીંગ | ૬૧૮ | ૯૮૮ |
| ટીંડોળા | ૪૦૧ | ૮૧૧ |
| દુધી | ૧૪૨ | ૨૪૩ |
| કારેલા | ૩૧૪ | ૬૦૧ |
| સરગવો | ૪૧૬ | ૮૩૭ |
| તુરીયા | ૪૪૬ | ૮૧૨ |
| પરવર | ૫૪૮ | ૭૭૬ |
| કાકડી | ૩૩૮ | ૬૫૪ |
| ગાજર | ૩૨૬ | ૪૬૨ |
| વટાણા | ૧૦૭૩ | ૧૪૭૮ |
| ગલકા | ૨૧૩ | ૪૧૧ |
| બીટ | ૨૧૧ | ૪૨૪ |
| મેથી | ૮૮૧ | ૧૩૭૧ |
| ડુંગળી લીલી | ૧૦૨૮ | ૧૨૩૧ |
| આદુ | ૧૭૧૧ | ૨૧૨૪ |
| મરચા લીલા | ૮૦૫ | ૧૦૩૧ |
| મકાઇ લીલી | ૨૮૫ | ૫૨૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૫૧ | ૧૭૨૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૮ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૭૭૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૮૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૬ | ૧૩૪૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૯૫૧ |
| ક્લંજી | ૧૪૦૦ | ૩૪૦૧ |
| ધાણા | ૧૬૫૧ | ૨૬૨૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૩૬૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૬૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૫૪૧ |
| રાજગરો | ૮૦૧ | ૮૦૧ |
| રાયડો | ૧૨૯૧ | ૧૨૯૧ |
| રાય | ૧૬૨૧ | ૧૬૨૧ |
| મેથી | ૯૭૬ | ૧૭૧૧ |
| કાંગ | ૪૫૧ | ૫૯૧ |
| સુરજમુખી | ૧૨૯૧ | ૧૨૯૧ |
| મગફળી જાડી | ૧૧૧૧ | ૧૬૫૧ |
| સફેદ ચણા | ૧૦૮૬ | ૧૭૬૧ |
| ઇસબગુલ | ૧૮૦૧ | ૨૧૦૧ |
| ધાણી | ૧૭૫૧ | ૨૭૫૧ |
| ડુંગળી સફેદ | ૧૧૦ | ૨૨૪ |
| બાજરો | ૨૬૧ | ૩૪૧ |
| જુવાર | ૪૦૧ | ૧૧૩૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૦૧ |
| મગ | ૧૦૫૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૭૧ |
| વાલ | ૩૦૧ | ૧૦૯૧ |
| ચોળા / ચોળી | ૮૬૧ | ૧૩૮૧ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૭૫૧ |
| કળથી | ૨૦૦ | ૨૦૦ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૪૦૦ | ૮૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૯૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૮૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૫૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૪૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૬ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૯ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| ફ્રોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પરવર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૦૦૦ |
| ધીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૨૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૪૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૪૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| પાલક પુરા | ૩ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૭૫ | ૧૪૧૫ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૨૨૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૧૫ | ૧૬૬૫ |
| તલ સફેદ | ૧૮૯૦ | ૨૫૧૦ |
| તલ કાળા | ૨૧૨૫ | ૩૭૫૫ |
| તલ કાશમીરી | ૨૦૦૦ | ૨૨૮૦ |
| બાજરો | ૪૨૦ | ૪૭૦ |
| જુવાર | ૩૬૦ | ૧૦૩૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૭૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૨૨૫ | ૧૭૩૦ |
| અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| ચણા | ૯૪૦ | ૧૧૫૦ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૩૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૪૫ |
| એરંડા | ૧૦૩૦ | ૧૨૮૫ |
| જીરૂ | ૨૬૯૦ | ૩૭૧૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૪૫૫ |
| મેથી | ૧૧૫૦ | ૧૨૯૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૩૭૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૧૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરિયા | ૬૫૦ | ૭૫૦ |
| ટમેટા | ૯૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૨૧૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૯૦૦ | ૧૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| પાકી કેરી | ૬૫૦ | ૧૪૫૦ |
| વટાણા | ૧૮૦૦ | ૧૯૦૦ |
| ચોળા લીલાં | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૨૫૦૦ | ૨૪૫૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૫૫૦ | ૬૫૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૫૨૦ |
| લસણ સૂકું | ૧૧૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૨૫૦ |
| મકાઇ | ૩૦૦ | ૩૬૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૨૪ |
| કપાસ મીડીયમ | ૧૫૨૫ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૬૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૩૯૦ |
| તલ કાળા | ૩૦૧૫ | ૩૩૫૫ |
| જીરૂ | ૨૯૯૦ | ૩૪૪૦ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૧૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૨૯૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૫૮ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૪૫ |
| ધાણા | ૨૩૫૦ | ૨૩૮૦ |
| મગ | ૧૧૭૯ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૨૨૭૫ | ૨૪૧૫ |
| તલ કાળા | ૨૫૯૦ | ૩૪૫૦ |
| શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૩૬૦ |
| શીંગ દાણા | ૧૯૮૫ | ૨૧૨૦ |
| કલોંજી | ૧૮૮૧ | ૨૮૦૦ |
| સોયાબીન | ૧૨૭૫ | ૧૩૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૪૭૫ |
| ઘઉં | ૪૨૫ | ૪૭૭ |
| રાય | ૧૩૦૦ | ૧૫૩૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૫૦ |
| જુવાર | ૭૦૦ | ૧૧૪૦ |
| ચોળી | ૭૨૫ | ૧૫૫૦ |
| અડદ | ૧૬૪૦ | ૧૭૨૫ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૩૭ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૨૦ |
| તલ કાળા | ૨૧૫૦ | ૩૭૩૫ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૦૨૦ | ૧૨૭૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૫ |
| તુવેર | ૯૧૦ | ૧૨૬૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૧ |
| તલ કાળા | ૧૨૦૦ | ૨૧૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૪૦૫ |
| શિંગ ફાડા | ૧૨૯૫ | ૧૫૫૫ |
| મગ | ૧૫૭૭ | ૧૬૫૫ |
| સોયાબીન | ૮૨૦ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૭૦૫ | ૨૩૫૦ |
| શિગ દાણા | ૧૮૧૫ | ૧૬૮૦ |
| લશણ | ૮૭૦ | ૧૬૦૦ |
| ચણા સફેદ | ૯૦૦ | ૯૧૫ |
| જુવાર | ૮૨૫ | ૮૨૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૦૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૮ |
| મગ | ૧૦૦૧ | ૧૬૨૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૨૭૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૨૧૫૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૫૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૨૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૬૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૭૨૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૪૫૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૦૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૦૦ | ૧૪૬૧ |
| શિંગ મોટી | ૧૧૫૦ | ૧૩૩૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૯૨૫ |
| જીરૂ | ૩૧૫૦ | ૩૮૧૩ |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૦૩ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૬૨ |
| મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૪૫૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| દેશી ચણા | ૧૦૬૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૩૫૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૯૨૫ | ૧૦૯૫ |
| બાજરો | ૪૦૦ | ૪૩૫ |
| ઘઉં | ૪૩૦ | ૪૬૦ |
| મગ | ૧૫૦૦ | ૧૭૬૦ |
| અડદ | ૧૫૩૦ | ૧૬૦૦ |
| તુવેર | ૮૭૦ | ૧૩૬૫ |
| ચોળી | ૭૫૦ | ૧૨૦૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૫૮ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| એરંડા | ૯૦૦ | ૧૨૯૧ |
| તલ | ૧૫૦૦ | ૨૩૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૭૦૫ |
| રાયડો | ૧૧૫૦ | ૧૩૯૧ |
| રાય | ૧૫૦૦ | ૧૬૪૫ |
| લસણ | ૮૦૦ | ૧૯૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૭૦૦ | ૩૩૪૫ |
| અજમાની ભુસી | ૩૦ | ૨૭૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૪૫ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૧૫ |
| સીંગદાણા | ૧૨૫૦ | ૧૬૫૦ |
| વટાણા | ૫૦૫ | ૭૦૦ |
| કલોજી | ૧૬૦૦ | ૩૩૭૫ |
| રાજમાં | ૧૨૦૦ | ૧૬૦૦ |
| **મહુવા** | | |
| શિંગ ઉનાળુ મગડી | ૧૧૫૦ | ૧૫૮૫ |
| શિંગ ૩૯ | ૯૭૦ | ૧૩૩૦ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૭૬૫ |
| શિંગ જી-૨૦ | ૯૦૦ | ૧૪૧૧ |
| એરંડા | ૧૧૬૬ | ૧૧૬૬ |
| જુવાર | ૩૮૯ | ૧૦૯૦ |
| બાજરી | ૩૬૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૮ |
| મકાઈ | ૩૫૪ | ૪૫૭ |
| અડદ | ૬૦૦ | ૧૬૧૬ |
| મગ | ૧૧૦૦ | ૧૭૧૦ |
| ચણા | ૫૦૦ | ૧૧૬૪ |
| તલ સફેદ | ૬૦૦ | ૨૪૩૨ |
| તલ કાળા | ૧૮૮૦ | ૩૫૫૧ |
| તુવેર | ૧૧૩૮ | ૧૩૫૧ |
| મેથી | ૧૧૪૫ | ૧૨૮૮ |
| ડુંગળી લાલ | ૭૯ | ૪૮૫ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૩૦૦ |
| નાળીયેર | ૭૦૨ | ૨૨૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૧૧ | ૧૨૮૨ |
| તલ સફેદ | ૨૧૨૨ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૭૫૩ | ૩૬૫૧ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૧૧ |
| બાજરો | ૩૪૦ | ૪૯૭ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૪૭૬ |
| જુવાર | ૪૦૦ | ૧૧૨૫ |
| મકાઈ | ૪૨૫ | ૫૦૦ |
| મગ | ૧૨૭૫ | ૧૭૧૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૩૫૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૪૮ |
| ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |

# આખો સમુદાય જ્યારે ખોટા લોકોના બચાવમાં આવી જાય

વિચાર વલોણું

જયવંત પંડ્યા

હરિયાણાનો ૬૨ વર્ષનો ડૉક્ટર શૈલેન્દ્ર શૈલી અગાઉ કૈથલની નાગરિક હૉસ્પિટલમાં પીએમઓ હતો. ત્યાંથી નિવૃત્ત થયો. તે કુરુક્ષેત્રની એલએનજેપી હૉસ્પિટલમાં સલાહકાર ડૉક્ટર તરીકે કાર્યરત્ હતો. તેના પર પંદર વર્ષની કન્યા પર બળાત્કારનો આરોપ લાગ્યો છે.



કન્યાના પિતા ૨૯ મેએ તેમની દીકરીનો ઉપચાર કરાવવા આવ્યા હતા. તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. પીડિતા પિતા સાથે હૉસ્પિટલના વૉર્ડમાં રોકાઈ હતી. ૨૯ મેએ બપોરે અઢી વાગે પીડિતાનું સ્વાસ્થ્ય પણ ખરાબ થયું. પીડિતાએ ડૉક્ટરોને પેટમાં દુઃખાવો અને પેશાબમાં બળતરાની ફરિયાદ કરી.

તેને ૩૦ મેએ શનિવારે રાત્રે ૮.૩૦ વાગે હૉસ્પિટલના આપાતકાલીન વિભાગમાં દાખલ કરવામાં આવી. હૉસ્પિટલમાં ઈમરજન્સી ડ્યૂટી પર નિયુક્ત ચિકિત્સક ડૉ. ઉપેન્દ્રએ મીડિયાને જણાવ્યા પ્રમાણે, રાત્રે લગભગ ૮.૩૦એ કન્યાને વધુ રક્તસ્ત્રાવ થતાં મહિલા વૉર્ડમાં આપાતકાલીન વિભાગમાં દાખલ કરાઈ હતી. તે પછી કન્યાએ આરોપ લગાવ્યો કે ઓપીડીમાં તેના પર બળાત્કાર થયો હતો. સ્ત્રી રોગ વિશેષજ્ઞ પાસે કન્યાની તબીબી તપાસ કરાવાઈ તેમાં કન્યાની ફરિયાદની પુષ્ટિ થઈ એટલે કે બળાત્કાર થયો હોવાની સાબિતી મળી.

આ પછી શૈલેન્દ્ર શૈલીને હૉસ્પિટલમાંથી દૂર કરાયો. પરંતુ પ્રશ્નએ છે કે કોઈ છોકરી કે મહિલાની તપાસ કરવામાં પુરુષ ડૉક્ટર સાથે નર્સ સાથે કેમ નહોતી? મેડિકલ નૈતિક (એથિક્સ) નિયમો મુજબ, પુરુષ ડૉક્ટર તપાસે ત્યારે કાં તો મહિલા ચિકિત્સકે અથવા કોઈ મહિલા નર્સ કે એટેન્ડન્ટે ઉપસ્થિત રહેવું આવશ્યક છે. ડૉક્ટરોનો આવો હિપોક્રેટિક નિયમ છે. (મેડિકલ ક્ષેત્રમાં ડૉક્ટરો જે નૈતિકતાના સોગંદ લે છે તેને હિપોક્રેટિક ઑથ કહે છે.)

બીજો પ્રશ્ન એ છે કે આ ડૉક્ટર પર અગાઉ પણ બળાત્કારનો આરોપ લાગ્યો હતો અને તેને જેલ જવું પડ્યું હતું. પરંતુ પછી તે છૂટી ગયો હતો. આવા ડૉક્ટરની સેવા કેમ ચાલુ રખાઈ?

હરિયાણા મહિલા આયોગનાં અધ્યક્ષા રેણુ ભાટિયા ૭ જૂને આ કેસમાં હૉસ્પિટલમાં પહોંચ્યાં ત્યારે તેમણે ઉત્તરદાયી નર્સનો ઉધડો લીધો. પરંતુ સાથે એવું બોલી ગયાં કે 'તમારી દીકરી પંદર વર્ષની હોય તેને કોઈની સાથે આ રીતે રૂમમાં છોડું તો?' તેમનો કહેવોનો ભાવ ઉચિત હતો કે નર્સ તરીકે સંવેદના હોવી જોઈએ. બીજી છોકરી પર બળાત્કારની સંભાવના હોય ત્યારે તેને એકલી ડૉક્ટર પાસે છોડીને જતા ન રહેવાય. અને તેમાંય એવા ડૉક્ટર પાસે જે અગાઉ બળાત્કારના આરોપમાં જેલમાં જઈ આવ્યો હોય.

પરંતુ નર્સિંગ સ્ટાફે આ નિવેદનને પકડી લીધું. ૯ જૂને હરિયાણાની બધી નર્સોએ હડતાળ કરી. રેણુ ભાટિયા પોતાના વલણ પર અડગ રહ્યાં. તે પછી સરકાર કે ભાજપના દબાણના કારણે કે ગમે તેમ, ૯ જૂને રાત્રે રેણુ ભાટિયાએ ત્યાગપત્ર આપી દીધો.

બીજો બનાવ 'આજ તક' ચેનલના એન્કર અંજના ઓમ કશ્યપ વિરુધ્ધ કૉચિંગ સેન્ટરના રીલ બનાવીને (કુ)ખ્યાત થયેલા શિક્ષકોનો છે. સ્નાતક માટેની નીટની પરીક્ષાના 'ગેસ પેપર પ્રસાર'માં કૉચિંગ સેન્ટર ચલાવનારાઓનાં નામ આરોપી તરીકે આવ્યાં છે અને ધરપકડ થઈ છે. ટીવી ચર્ચામાં અંજના ઓમ કશ્યપ, રાજકીય વિશ્લેષક આશુતોષ અને સંગીત રાગી હતાં. આશુતોષે કહ્યું કે છેલ્લાં વીસ-બાવીસ વર્ષથી પેપર લીક થતા આવ્યાં છે. પરંતુ કૉચિંગ સેન્ટરવાળા માફિયા બની ગયા છે.આ મોટાં કૉચિંગ સેન્ટરો બંધ થવાં જોઈએ.

એટલે અંજના ઓમ કશ્યપે પણ તેમના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું, "યુટ્યૂબ વાલે સ્ટાર ટીચર્સ જિનકો કુછ જાનના ના કૌડીપકભી બ્લેકબૉર્ડ લેકર કુછ ઍક્સ્પ્લેનર બનાતે હૈ, ખાલી વ્યૂઝ બંટોરતે હૈ, ઉટપટાંગ ગ્રાફ્સ લિખતે હૈ, ઔર ઉસ કે બાદ અપને આપ કો ઈતના મહારથી સમજને લગતે હૈ કિ કુછ લોગ ઉનકો ફૉલો કરને લગતે હૈ, ઈનકે તમાશે કી વજહ સે ઔર ફિર જહાં પર જો આતા હૈ વો બોલતે હૈ ઉસ કે દમ પર વો પૈસે વસૂલતે હૈ. છાત્રોં સે વસૂલતે હૈ. યે બડી ચિંતા કી બાત હૈ. યે જો ઍક્સ્પ્લેનર બનાનેવાલે યુટ્યૂબર્સ હૈ ઔર જો શિક્ષક હૈ ઉન મેં ફર્ક હૈ. વો ફર્ક સબ કો સમજના પડેગા. યે જો આકર પૈસો કે લિએ અપના ધંધા બના રહે હૈ એજ્યુકેશન કો વો એક તરફ હૈ ઔર ઈસી વજહ સે સ્કૂલ, કૉલેજ, યૂનિવર્સિટીઝ મેં પઢાઈ નહીં હોતી હૈ. બચ્ચોં સે કહ દિયા જાતા હૈ કિ ભૈયા તુમ કૉચિંગ સેન્ટર કો જૉઇન કર લો તભી તુમ ક્રેક (પાસ) કર પાઓગે. યે કૈસી વ્યવસ્થા હૈ.'

અહીં જોવા જેવી વાત એ છે કે કૉચિંગ સેન્ટરને માફિયા કહ્યા આશુતોષે. તેને બંધ કરવાનું કહ્યું આશુતોષે. અંજનાએ તો જે યુટ્યૂબ શિક્ષકો છે જે ઉટપટાંગ ગ્રાફ બનાવે છે અને વાતોનાં વડાં કરે છે તેમને કોડીનું જ્ઞાન નથી તેમ કહ્યું. અને શિક્ષકો તેમનાથી અલગ છે તેવું કહ્યું. પરંતુ અંજનાના આ નિવેદનને પકડીને તેના નામ સાથે ફૈઝલ ખાન (ખાન સર તરીકે જાણીતો કૉચિંગ સેન્ટરવાળો), અભિનય શર્મા (અભિનય મેથ્સ), બબિતાપ આવાં બધાં રીલ શિક્ષકો મંડી પડ્યાં. આ લોકોએ કેમ આશુતોષને નિશાન ન બનાવ્યા? કારણકે તે લેફ્ટ-લિબરલ છે. અંજના પણ અગાઉ હતાં, પરંતુ મોદી સરકાર આવ્યા પછી તેમનું (અથવા કહો કે ચેનલના કારણે તેમનું) વલણ બદલાયું છે. આમેય, આ લોકોને વિડિયો જો સરકાર વિરોધી કે સરકાર તરફી હોય તેવા લોકો વિરુધ્ધ બનાવે તો વિદ્યાર્થીઓ અને તેમની ઈકૉ સિસ્ટમની વાહ-વાહ મળે.

ખાને તો અંજનાના નામ સાથે દલાલી અને પગ ચાટવા જેવા ખરાબ શબ્દો વાપર્યા. પહેલી શરૂઆત કોણે કરી તે ખબર નથી, પરંતુ ખાને પહેલી શરૂઆત કરી હશે કારણકે ખાને અગાઉ લગભગ માર્ચ આસપાસ વાઈરલ થયેલા એક વિડિયોમાં અંજના ઓમ કશ્યપનું અપમાન કરતી વાત કરી હતી.

તેણે કહ્યું હતું, "ક્યા અંજના ઓમ કશ્યપ કા યે લેવલ હૈ કિ પુતિન સે બાત કર સકેં? હમ તો કહતે હૈ કિ યહાં કોઈ પઢા હુઆ અપને યહાં સે, યુપીએસસી યા બીપીએસસી કા કેન્ડિડેટ, ઉસકા ભી ઈન્ટરવ્યૂ ન લે સકે. કિસ કા ઈન્ટરવ્યૂ લેને બૈઠી પુતિન કા... યે તો લડવાને મેં ઍક્સ્પર્ટ હૈ ના.'

અંજના ઉપર વિચારોના પૂર્વગ્રહનો આક્ષેપ થઈ શકે પરંતુ જ્ઞાન ઓછું હોવાનો આક્ષેપ ન થઈ શકે.

ખાનના અનેક વિડિયો ઑનલાઈન છે જેમાં તે ખોટી માહિતી અથવા માહિતીને મારીમચડીને રજૂ કરે છે. એક વિડિયોમાં તો યુપીઆઈ (પેમેન્ટ પધ્ધતિ)નું આખું નામ પણ તે ખોટું બોલે છે. બિહારમાં આંદોલનોને પણ તેણે સમર્થન કર્યું હતું. એટલે કે માત્ર ભણાવવું તે તેનો એજન્ડા નથી. એક નાગરિક તરીકે તે પોતાનો મત વ્યક્ત કરતો વિડિયો બનાવી શકે છે, પણ વિકાસ દિવ્યકીર્તિ, અવધ ઓઝા, ખાન, અભિનય આ બધાને કોરોના પછી એક સરળ હાથવગો ઉપાય જડી ગયો છે. રીલ બનાવવા, લોકપ્રિય થવાનું અને વિદ્યાર્થીઓને પોતાના સેન્ટરમાં જોડી મસમોટી ફી લેવાની. (ખાન ઓછી ફી લે છે તેમ કહેવાય છે.) વિદ્યાર્થીઓ થકી તો કમાણી થાય જ, યુટ્યૂબ પણ વધારે વ્યૂ આવે તો પૈસા આપે. એટલે બંને બાજુથી ફાયદો. ઉપરાંત તેમને એક વાતાવરણ હિન્દુ વિરોધી બનાવવું છે.

વિકાસ દિવ્યકીર્તિએ 'રામાયણ'ની ખોટી વાત કરતાં પોતાનું ખોટું અર્થઘટન કરતાં એક વિડિયોમાં કહ્યું હતું કે શ્રી રામ કંઈ સીતાજીને બચાવવા માટે રાવણ સામે યુધ્ધ નહોતા લડ્યા, તેઓ તો પોતાની પ્રતિષ્ઠા માટે લડ્યા હતા. સીતાજી વિશે તો એવું કહ્યું હતું કે જે અહીં લખી શકાય તેમ નથી. અવધ ઓઝા પણ આવાં નિવેદનો આપે છે.

ફૈઝલ ખાને એક વિડિયોમાં એવું કહ્યું હતું કે કાશ્મીર પંડિતોની હત્યા થઈ એટલે આ વિષય એટલો બધો ચગ્યો. જો કાશ્મીરના દલિતોની હત્યા થઈ હોત તો આટલો વિષય ન ચગ્યો હોત.

આ લોકોનું કામ છે કૉચિંગ સેન્ટરમાં સરકારે નક્કી કરેલો પાઠ્યક્રમ ભણાવવાનું પરંતુ આ શિક્ષકો નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, રામાયણ, બ્રાહ્મણો પર અત્યંત હલકી ભાષામાં ટીપ્પણી કરે છે. અને તે પણ કૉચિંગ સેન્ટરમાં ભણાવતા હોય તે રીતે. એટલે એવું બહાનું કરી શકાય કે અમે તો કૉચિંગ સેન્ટરમાં ભણાવતા હતા. દિલ્લીમાં 'રાવ્સ' આઈએએસ સ્ટડી સેન્ટરમાં ભોંયરામાં આવેલી તેની લાઈબ્રેરીમાં પાણી ભરાઈ જતાં વિદ્યાર્થીઓનાં મૃત્યુ થયાં હતાં, તે પછી અવધ ઓઝા અને વિકાસ દિવ્યકીર્તિના કૉચિંગ સેન્ટરમાં પણ આવી જ ભયજનક વ્યવસ્થા હોવાનું બહાર આવ્યું હતું. એટલું જ નહીં, અવધ ઓઝાને ત્યાં ભણતી વિદ્યાર્થિનીઓએ તો એમ કહ્યું હતું કે અવધ ઓઝા લંપટ છે. તે ચડ્ડો પહેરીને ભણાવવા આવે છે.

અભિનય શર્મા તો ચડ્ડો પહેરીને ઉછળકૂદ કરીને ગાતો ગાતો બોલે છે કે "હું નીકર પહેરીને ભણાવું છું, જુઓ." તે એક વિડિયોમાં ગાંડાની જેમ 'બેબી કો બેઝ પસંદ હૈ' જેવું અશ્લીલ ગીત ગાતો પણ દેખાય છે. કુમળા મનના અને ભૌતિકવાદથી ભરમાઈ જતાં વિદ્યાર્થીઓને પોતાની તરફ આકર્ષવા અભિનય સંદીપ મહેશ્વરીને આપેલા ઈન્ટરવ્યૂમાં કહે છે કે તેની પાસે મર્સીડિઝ સહિત દસ લક્ઝરી ગાડી છે. મારા એક વર્ષના બાળક પાસે બે બેઠકવાળી કાર છે. નોઈડામાં પ્લૉટ અને વિલા છે. તેના સેન્ટરમાં જોડાવાની ફી રૂ. ૫૦ કરોડ છે. તે કહે છે કે "એકનાં એક કપડાં હું ક્યારેય નથી પહેરતો."

સ્પષ્ટ છે કે આ લોકો ભણાવવા કરતાં 'કમાવવા'માં વધુ રસ ધરાવે છે. અને અવધ ઓઝાને તો આઆપે ટિકિટ પણ આપી હતી. દિલ્લી વિધાનસભાની ચૂંટણી હારી ગયો હતો. તે પછી માત્ર દસ જ મહિનામાં તેણે રાજકારણ છોડી દીધું. પરંતુ એક વિડિયોમાં તે કહે છે, 'ક્રાંતિ હોને જા રહી હૈ, ભયંકર. મારકાટ, અબ તો કભી ભી હો સકતી હૈ, ઈકૉનૉમી જિસ દિન કૉલેપ્સ કી, બૅંક્સ કૉલેપ્સ કિયે, અરે રિઝન? અગર યે વૉર બઢ જાયે, ઈરાન ઈઝરાયેલ વાલા વૉર, ઔર સિર્ફ ગેસ સિલિન્ડર કી સપ્લાય બંધ હો જાયે, બંધ હો જાયે, તો યે દિલ્લી, મુંબઈ, કલકત્તા, ભૂખા આદમી મરને સે પહેલે મારેગા. યહી ફ્રાન્સ મેં હુઆ થા, રુસ મેં હુઆ થા. ઉસી તરફ હમ જા રહે હૈ.''

વિચાર કરો, આ બદમાશ ભારતમાં લોહીયાળ ક્રાંતિનું સપનું જોઈ રહ્યો છે. અને અમેરિકા આ જ તો ઈચ્છે છે કે ભારતમાં મોદી સરકાર સામે શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળ જેવી ક્રાંતિ થાય. સદ્ભાગ્યે યુધ્ધના સમયે પણ મોદી સરકારે જે રીતે ગેસ ભરેલાં જહાજો હેમખેમ નીકળી ગુજરાત પહોંચે તેવી વ્યવસ્થા કરી છે, પેટ્રૉલ-ડીઝલની વ્યવસ્થા કરી છે તેના કારણે આ 'લાલ'ભાઈઓની ઈચ્છા પૂરી નથી થતી.

વિકાસ દિવ્યકીર્તિ, અવધ ઓઝા, ખાન, અભિનય જેવાના કારણે બીજા ઘણા બધા કૉચિંગ સેન્ટરવાળા શિક્ષકોએ રીલ બનાવી-બનાવી આ મુદ્દાને અંજના વિરુધ્ધ શિક્ષકોનો બનાવી દેવા પ્રયાસ કર્યો.

અહીં આપણો મૂળ મુદ્દો આવે છે. જ્યારે કોઈ ખોટું કામ કરતા પકડાય ત્યારે તેને બચાવવા સજ્જનો અને સન્નારીઓનો આખો સમુદાય કેમ આગળ આવી જાય છે? મુસ્લિમોની વાત તો જાણીતી જ છે. નદીમ (શ્રવણ), મોહમ્મદ અઝહરુદ્દીનથી માંડીને અનેક એવા દાખલા છે કે આ લોકો ફસાય ત્યારે પોતાના 'મુસ્લિમ' વિક્ટિમ કાર્ડનો ઉપયોગ કરે છે અને તેમના સમર્થનમાં આરફા ખાનમ શેરવાનીથી માંડીને સમાજ પણ આવી જાય છે.

થાય છે એવું કે એક મુદ્દો ઊભો થાય છે ત્યારે બીજા મુદ્દાવાળા મૌન બની જાય છે. રેણુ ભાટિયાના સમર્થનમાં કોઈ આગળ ન આવ્યું. વાત રેણુ ભાટિયાના સમર્થનની નથી. વાત બળાત્કારનો ભોગ બનેલી પંદર વર્ષની દીકરીની છે. શું સરકારી હૉસ્પિટલમાં ઘણી વાર નર્સો કે વૉર્ડ બૉયની તેમના કામમાં બેદરકારી કે સ્થાન પર અનુપસ્થિતિના બનાવો નથી બનતા? કૉચિંગ સેન્ટરમાં ખાનના ગાર્ડે પોતાના જ સેન્ટરમાં ગોળીબાર કર્યો હતો. ખાનના સેન્ટરમાં ઘણી સુવિધાઓનો અભાવ છે અને તે નાસતો ફરે છે. આવું વિકાસ દિવ્યકીર્તિ અને અવધ ઓઝાનાં સેન્ટરો બાબતે પણ ઉપર કહ્યું તેમ બહાર આવ્યું હતું.

નર્સો, શિક્ષકો, વકીલો, પોલીસ, બૉલિવૂડ, પત્રકારો, મહિલા, પુરુષ, સરકારી કર્મચારી, પાટીદાર, દલિત, આદિવાસી, મુસ્લિમો આવાં અનેક ચોકઠાંમાં ભારતીયો વહેંચાયેલા છે અને આ ચોકઠામાં કોઈ બેચાર પર આરોપ લાગે છે અને બાકીનાને લાગવા લાગે છે કે જો આપણે નહીં બોલીએ તો આપણા આખા સમુદાયને પૂરો કરી નખાશે. આનાથી થાય છે એવું કે ખોટું કરનારાઓ બચી જાય છે. તેઓ આ સમુદાયનું નેતૃત્વ કરવા લાગે છે અને સમુદાય માટે લડવાના નામે સત્તા ભોગવે છે, પૈસા એકઠા કરે છે. ■

jaywant.pandya@gmail.com

# ભ્રમ અને વાસ્તવિકતા વચ્ચે શુ અંતર ?

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)ભ્રમ અને વાસ્તવિકતા વચ્ચે શુ અંતર? - રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
તમને આ સવાલનો જવાબ ગમશે એવો મારો ભ્રમ છે અને તમારી પાસે આનાથી સારો જવાબ નથી એ વાસ્તવિકતા છે.

(૨)તમને પરદેશની કોઈ ઓફર મળે તો તમે સ્વીકારો? - જય દવે (ભાવનગર)
હું પરદેશની વેફર પણ સ્વીકારતો નથી.

(૩)જન્મ અને મૃત્યુ મારા હાથમાં નથી તો મારા હાથમાં શું છે? - રામભાઈ પટેલ (સુરત)
મોબાઈલ.

(૪)સર મે દર્દ હો તો સર દર્દ, નાક મે દર્દ હો તો દર્દ નાક કહ સકતે હૈ?
હાફીઝ રિયાઝ સેલોત (રાજુલા)
કયું નહી કહ સકતે?

(૫)પરસેવો આવવાનું શું કારણ?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
લે, તમારે પરસેવો આવે? અમારે આ બાજુ પરસેવો વળે.

(૬)ઘુવડ રાત્રે જ કેમ જોઈ શકે છે?
મેહુલજોષી (મહીસાગર)
ઘુવડ લોકોમાં અંધારાને જ દિવસ ગણવામાં આવે છે.

(૭) હવે કેરીની સીઝન પૂરી થઈ જશે તો હવે શું કરવું જોઈએ ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ગોટલીનો મુખવાસ.

(૮)કોક્રોચ પાર્ટી વિશે તમારું શું કહેવું છે?
કમલેશ મકવાણા (બોડેલી)
મને ભજીયા પાર્ટી વિશે પૂછો તો કંઈક કહી શકું.

(૯)ભીમ અગિયારસનું સાચું મહાત્મ્ય શું છે ? કેરી ખાવાનુ કે જુગટુ રમવાનુ?
કનુભાઈ પરમાર (દામનગર)
મારે તમે આપો એ બે વિકલ્પોમાંથી જ જવાબ પસંદ કરવાના છે?

(૧૦) વેદના એટલે શું?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
બે આનંદ વચ્ચેનો સમયગાળો.

(૧૧)સાહેબ..! તમે સવાલવીરચક્રની ઘોષણા કરવાના છો?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
તમારે સમજફેર થયો છે. સવાલવીરચક્રમની વાત છે!

(૧૨)ગુજરાતીઓ ખાવાના ખુબ જ શોખીન છે, એવું કઈ રીતે સાબિત થાય છે?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
છાપું વાંચો. રોજ સમાચાર આવે છે કે ફલાણાભાઈ ઢીંકણાભાઈના રૂપિયા ખાઇ ગયા!

(૧૩)આધા હૈ ચંદ્રમા રાત આધીપ ચંદ્ર અર્ધો હોય ત્યારે રાત અર્ધી જ હોય એવું કોણે કહ્યું?
દર્શન પટેલ (વડોદરા)
તમે નવું જોડોઃ આખા હૈ ચંદ્રમા રાત આખી!

(૧૪)પહેલા માણસમાં હાથી જેટલું બળ હતું એમ કહેવાય છે પણ મને આ માનવામાં નથી આવતું તો શું કરવું? - રમાબેન પટેલ (અમદાવાદ)
તમે એમ માનો કે પહેલા હાથીમાં માણસ જેટલું બળ હતું!

(૧૫)વેકેશનની વિદાયથી કોને વધારે ખુશી થાય ?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
સ્કૂલની બાજુના ગલ્લાવાળા. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ફોલોઅર, સમર્થક, ચાહક, અને મતદાર....

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

ગુજરાતી ભાષામાં કોકરોચ માટે વંદો શબ્દ છે. વંદો એક એવું જંતુ છે જે પોતાના ઘરમાં હોવાનું કોઈ પસંદ નથી કરતુ અને તેને મારવા માટે વિવિધ સ્પ્રે બજારમાંથી લાવીને ઘરમાં રાખવામાં આવે છે, જે હિન્દુસ્તાનના લગભગ લગભગ ઘરની તાસીર છે. ધરતી પરની સૌથી પ્રાચીન પ્રજાતિ માંહેની એક છે. ડાયનોસોર વખતે પણ હતા. હમણાં હમણાં વંદો શબ્દ રાજકીય ગલીયારામાં ખુબ ચર્ચા અને પ્રસિધ્ધિ પામ્યો છે. માણસો દ્વારા આવડી પ્રસિધ્ધિ બદલ વંદાની કોમ ખુબ રાજી થતી હશે. તેના ઊંડાણમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ શ્રી સૂર્યકાંત દ્વારા એક સુનાવણી દરમિયાન કરવામાં આવેલી ટીપ્પણી રહેલી છે. ચીફ જસ્ટીસે મીડિયા, સોશિયલ મીડિયા અને કાર્યકર્તાઓ દ્વારા ન્યાયતંત્ર પર થતા હુમલા અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, સમાજમાં પહેલેથી જ એવા પરજીવીઓ છે, જે સિસ્ટમ પર હુમલો કરે છે અને તમે તેમની સાથે હાથ મિલાવવા માંગો છો? આ યુવાનો 'કોકરોચ' જેવા છે, જેમને કોઈ નોકરી મળતી નથી અને કોઈ વ્યવસાયમાં નથી. તેમાંથી કેટલાક મીડિયાવાળા, કેટલાક સોશિયલ મીડિયાવાળા બની જાય છે, કેટલાક આરટીઆઈ કર્તા બની જાય છે, તો કેટલાક બીજા ત્રીજા પ્રકારના કાર્યકરો બની જાય છે, અને તેઓ દરેક વ્યક્તિ પર હુમલો કરતા ફરે છે... અને તમે કોર્ટના તિરસ્કારની અરજીઓ દાખલ કરો છો. ચીફ જસ્ટીસે મીડિયા, સોશ્યલ મીડિયા, આરટીઆઈ જેવા હથિયારોનો દુરુપયોગ કરીને સિસ્ટમને બ્લેકમેઈલ અને બાનમાં લેતા યુવાનોને કોકરોચ કહ્યા. એમાં એક અમેરિકાના બોસ્ટનમાં જઈને ભણતો ભારતીય યુવક વિફરી ગયો, એણે વિદેશમાં બેઠા બેઠા ઈન્ટરનેટ પર કોકરોચ પાર્ટીની સ્થાપના કરી. અભૂતપૂર્વ ટૂંકા સમયમાં આ ઈન્ટરનેટ પાર્ટીના સવા બે કરોડ જેટલા ફોલોઅર્સ બની ગયા. ક્રાંતિનું રણશિંગું ફૂંકાઈ ગયું. બીબીસી જેવી ચેનલોએ કોકરોચને ભારતનો પોલીટીકલ સુપરસ્ટાર બતાવી દીધો. સ્થાપક અભિજીતે અલ ઝઝીરા નામની વિદેશી ચેનલમાં ઈન્ટરવ્યું આપ્યો અને કહ્યું કે વંદા સડેલી જગ્યામાં પેદા થાય છે અને ભારત આવી સડેલી જગ્યા છે. ઈન્ટરનેટ પર આવડો મોટો પ્રતિસાદ મળતો જોઈ અભિજીતે ભારત સરકારને લલકારી દીધી. નીટ મામલે ભારતના શિક્ષણ પ્રધાનનું રાજીનામું અને બીજી પાંચ માંગો ભારત સરકાર સામે રાખી દીધી અને અમેરિકાના બોસ્ટનથી ભારત આવવાની જાહેરાત કરી. સાથે સાથે એવો ભય વ્યક્ત કર્યો કે મારી ધરપકડ થઈ શકે છે અને આ આખી ક્રાંતિને દબાવી દેવા સરકાર સખત કદમ લઈ શકે છે. પણ એવું કશું થયું નહિ, ઉલટાનું દિલ્હી પોલીસ એરપોર્ટ પર એમને જંતર મંતર પર કરવાની સભા અને પ્રદર્શન અંગેની પરવાનગી લઈને સ્વાગત કરવા ઉભી રહી. એરપોર્ટ પરથી ગણ્યાગાંઠ્યા લોકો સાથે પાર્ટીના સ્થાપક જંતર મંતર પર પહોચ્યા જ્યાં સવા બે કરોડ સભાસદો કે ફોલોઅર્સમાંથી લગભગ બે હજાર તેમની રાહ જોઈ રહ્યા હતા. સ્થાપકને દિલ્હીની ગરમીમાં આવો ઠંડો પ્રતિસાદ જોઈને ચક્કર આવી જવા સ્વાભાવિક હતા. એક પાંચ કલાકની અવ્યવસ્થિત અને અરાજક મુવમેન્ટ બાદ બધા વિખરાઈ ગયા.

આ પાર્ટીના સ્થાપક આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ કાર્યકર્તા અને સોશ્યલ મીડિયા દળના સદસ્ય રહી ચુક્યા છે. આમ આદમી પાર્ટીનો ઉદ્ભવ એક આંદોલનમાંથી થયો છે. ઝારખંડ મુક્તિ મોરચો, જનતા પક્ષ, બહુજન સમાજ પક્ષ, આસામ ગણ પરિષદ, ટીઆરએસ અને આમ આદમી પાર્ટી જેવા રાજકીય પક્ષો આંદોલનની ઉપજ હતા. આ બધા આંદોલનો જમીની સ્તરથી શરુ થયા હતા. કોઈ એક માંગ આધારે કે મુદ્દા આધારે શરુ થયા હતા. જેએમએમ અને ટીઆરએસ જેવા પક્ષોએ પોતાનું અલગ રાજ્ય મેળવીને ત્યાં હાલ સુધી સત્તા જાળવી છે. બસપાએ પછાત વર્ગનો અવાજ બનીને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યમાં સરકાર બનાવવાથી લઈને કેન્દ્રમાં પણ સક્રિય અને મહત્વની ભૂમિકા ભજવી છે. જનતા પક્ષે સરકારના કટોકટી વિરુધ્ધના જનાદેશને પોતાની તરફેણમાં બદલ્યો હતો પણ અનેક પક્ષોનો શંભુમેળો હોવાથી આંતરિક ગજગ્રાહના લીધે પક્ષ પડી ભાગ્યો પણ દેશમાં પહેલી બિનકોંગ્રેસી સરકાર બનાવી ચલાવી ગયો. આમઆદમી પાર્ટી ભ્રષ્ટાચાર ઉન્મૂલન મુદ્દે દિલ્હીમાં સરકાર બનાવી ગઈ, પરંતુ એમના જ શીર્ષસ્થ નેતાઓ ભ્રષ્ટાચારના આક્ષેપોમાં ઘેરાઈ ગયા અને દિલ્હીમાંથી સત્તા ગઈ. પક્ષના સ્થાપકોમાંના ઘણા આગેવાનો પક્ષ છોડીને જતા રહ્યા. આજે પક્ષની પંજાબમાં સરકાર છે.

કોકરોચ જનતા પક્ષ એક શબ્દના આધારે ઉભું થયેલું આંદોલન છે. ચીફ જસ્ટીસે બોગસ ડીગ્રી આધારે સિસ્ટમમાં ઘૂસીને સિસ્ટમને બાનમાં લેતા યુવાનોને કોકરોચ કહ્યા અને સોશ્યલ મીડિયા પર સંખ્યાત્મક જુવાળ ફાટી નીકળ્યો. મુવમેન્ટ ધીમેધીમે મુદ્દેથી ભટકીને દેશને નેપાળ બાંગ્લાદેશ બનાવી દેવા સુધી પહોચી ગઈ. કેટલાક એડવાન્સ જંતુઓ સરકાર ઉખાડી નાખવા સુધી પહોચી ગયા. તાજેતરમાં નેપાળ અને બાંગ્લાદેશમાં યુવા વર્ગે ચળવળ કરીને સરકારો ઉથલાવી નાખી હતી. ભારતમાં પણ આ તરજ પર સરકાર ઉથલાવી નાખવાના મનસૂબા સેવે એ સ્વાભાવિક છે. ભારતનો વિપક્ષ બાર વર્ષથી સત્તાની બહાર છે. પોતાના બલબૂતા પર કે સરકારની વિરુધ્ધમાં કોઈ મુદ્દાઓ ઉભા થઈ નથી રહ્યા. હવે કોઈ એવો મુદ્દો હાથમાં આવી પડે જેના લીધે દેશનો યુવા વર્ગ આક્રોશિત થઈને સરકાર વિરુધ્ધ સડકો પર ઉતરી આવે અને દેશને અસ્થિર કરી મુકે, જેથી સત્તા સુધી પહોચવાનો રસ્તો સાફ થતો જાય. જે કામ જનાદેશ મેળવીને નથી થઈ શકતું એ આવા અરાજક રસ્તે થઈ જાય એવા સપનાઓ જોઈને રાજકીય કારકિર્દી ટકાવી રાખવાના કે બનાવવાના સપનાઓ જોતો વર્ગ મોટો છે.

રાજકીય સભાઓમાં એકઠી થતી જનમેદની ચૂંટણી જીતી જવાની ખાતરી નથી. છેલ્લી ઘણી ચૂંટણીઓમાં જોવા મળ્યું છે કે જેની સભાઓમાં હકડેઠઠ મેદની કિકિયારી કરતી ભેગી થઈ હોએ એ ઉમેદવારની મતપેટીના ડબ્બા ખાલી નીકળ્યા છે. સોશ્યલ મીડિયાના માધ્યમો પર ફોલોઅર હોવું, સમર્થક હોવું, ચાહક હોવું અને મતદાર હોવું અલગ બાબત છે. કોઈનાથી વધુ ફોલોઅર હોવા તમને તેનાથી વધુ લાયક નથી બનાવી આપતા. નેતા પસંદ કરવા માટેનો હિન્દુસ્તાનની જનતાનો નીરક્ષીર વિવેક તલવાર જેવો ધારદાર છે.

ક્વિક નોટ – કોઈની પોસ્ટ પર લાઈકનું બટન અને આંગળી પર કાળી શાહીની પાતળી રેખામાં જમીન આસમાનનું અંતર છે. ■

production@infiniumpharmachem.com

# પણ ચોંકવાનું વજૂદ તો આનંદ માટે ય હતું જ ને ?!!



## રાગ - વૈરાગ - ૨૭

આવતલ વ્યક્તિ અંદરથી આવતા કોઈ અજાણી સ્ત્રીના અવાજથી ચોંકી ગઈ.એ કહેતી હતી:‘‘ જીંદગીમાં પહેલો અને છેલ્લો એક જ પુરૂષ...કે જેની સાથે દિવસ તો ગાળી શકું પણ એની સંગાથે કાળી માઝમ રાત્રે કોઈ રસ્તો કાપવાનો હોય, તો હું બેધડક નીકળી પડું એ પુરુષ એક માત્ર તમે છો!’’ એ વ્યક્તિ ફરીને ચોંકી ગઈ...‘‘ ઓહ ..આ કોણ?’’ એણે ત્વરાથી હાથ પાછો ખેંચી લીધો.

પણ ચોંકવાનું વજૂદ તો આનંદ માટે ય હતું જ ને?!! કોઈ પણ પૂર્વધારણા વગર એ અત્યારે જ આવી ચડી હતી. એ આવશે તેવી શ્રધ્ધા જરૂર હતી.

‘‘ઓહ...રૂપા! તે તો મને ક્યાંયનો ક્યાંય લાવીને મૂકી દીધો.’’ ‘‘તમે મારા મનના મંદિરના સૌથી ઊંચા પગથિયે જ ઊભા છો, અને ત્યાં જ રહેશો. પગથિયા બીજા પુરૂષો ઉતરી શકે, તમે નહીં.’’

‘‘ઓહ...રૂપા..તું તો તું જ છે. હજીય આટલો બધો ભરોસો? ‘‘ભરોસો તમારો મને મારા ગળા સુધીનો છે..અને કોઈ પુરુષ ને મેં હૃદય થી ચાહ્યો હોય એ પણ તમે જ..! અને મમત અને પ્રેમ કદિ મરતાં નથી સાહેબ...’’ એ ગળતાં કંઠે બોલી.

લઘુનવલકથા
યોગેશ પંડયા

‘‘આપણું મળવું....કેવા સંજોગ છે રૂપા...’’

‘‘સંજોગ, અને અંજળ પણ...’’ તેની આંખમાં ચમકારો આવ્યો. જેવો ચમકારો આનંદે તેના યુવાન નયનોમાં જોયેલો. બસ એ જ ચમકાર. ! એણે કહ્યું : ‘‘બે દિવસ પહેલા એક રાત્રે આશ્રમના ચોગાનમાં સૂનમૂન બેઠી‘તી. તો મારી નજર સામે જ એક તારો ખરી પડતો જોયો...! ખરતો તારો જોઈને હૈયામાં વરસોથી સુઈ રહેલા ઈચ્છાના હંસલા પાંખો ફફડાવીને જાગ્યા. થોડા થોડા ઉડયા પણ ખરા!’’

‘‘ ..એ મનસરોવરમાંથી લીધેલી એમની ઉડાન માત્ર પળ બે પળની હતી પણ એટલી વારમાં મારૂ હૈયું ભીંજવતી ગઈ। પણ પછી મારી જ મૂર્ખામી ઉપર મને હસવુંય આવ્યું અને પછી રોવાઈ પણ ગયું...‘‘‘અરેરે! સપનાં જોવાની ઉંમર હતી. ત્યારના સપનાં સાચા ઠર્યા નહીં. જ્યારે સાચાં ઠરવા માટે મન સાથે સમાધાન આદર્યા ત્યારે સપનાં જ નંદવાઈ ગયા. રે મનવા! રે હંસલા...હવે આ શો હલવલાટ છે! હવે સુખ નામનો મલક તો ઘણેય દૂર રહી ગયો છે. ત્યાં લગીમાં મને તમે ઊડતા ઊડતા પહોંચાડશો ત્યારે તો મારા આખરી શ્વાસ પણ ચાલતા હશે!!

અને પછી ત્યાં પહોંચુ પછીય પણ શું? કોઈ તો ‘મારું’ હોવું જોઈએ ને મને અગ્નિદાહ આપવા માટે?? જેને મેં મારૂ માન્યું હોય એ તો સાથ છે નહીં! અને નધણિયાતી લાશને તો અવરેય અગ્નિદાહ આપી દે છે. પણ એ આગ અગ્નિદાહ નથી પણ એતા જીંદગીનો આખરી ભડકો છે જેમાં બધાએ ભસ્મ થવાનું છે!’’

‘‘ બસ...રૂપા...બસ.. બહુ વલોવી નાખ્યું છે તેં તારા જીવતરને....બહુ વીતી લાગે છે તારા ઉપર.... શું થઈ ગયું આ બધુ? કેવા કેવા વાવલિયા વિંઝાઈ ગયા, કે તું આમ સાવ ઠૂંઠાં જેવી સ્ત્રી બની ગઈ...?! પ્લીઝ, મને જરા માંડીને તો વાત કરે. તારી મોઘમ વાણી સાંભળીને હું હવે કારણ પૂછ્યા વગર નથી રહી શકતો...’’

- ક્યાંથી શરૂઆત કરૂ સાહેબ?..આપણે છુટ્ટા પડી ગયા ત્યારથી?..મારા લગ્ન થયા ત્યારથી??..જિંદગી રોજેરોજ નવા નવા અધ્યાય લખતી જ રહીં. એમાં ક્યાંય આનંદ નહોતો. ખુશી નહોતી. સુખના અલ્પવિરામ હતા, ને દુઃખના પૂર્ણ વિરામ હતા.!

તમે લેખક છો અને હું તમારી સાથે ઘણો સમય રહી. એટલે જીંદગીને મારી રીતે જીવતા શીખી લીધુ પણ બીજા બધા એ તો મને કટકે કટકે મારી નાખવાનું જ કર્યું! ‘‘ એ ઘડીભર અટકી.અને ફરીવાર બોલવાનું ચાલુ કર્યું:’’..‘‘ભલે તમને મેં પ્રેમ કર્યો હતો. તમે પણ મારી સંગ જીંદગી જોડવા તત્પર હતા પણ ઘરની આબરૂ બન્નેને નડી. એક ન થઈ શક્યા અને પોતપોતાની તરસ લઈને છુટા પડી ગયા...પણ જેની સંગ મેં અગ્નિની સાક્ષીએ ચારફેરા ફર્યા એણેય પણ મને એની પોતાની ક્યાં માની હતી? નહિંતર તો એ ચાર ફેરા ધર્મ, અર્થ કામ અને મોક્ષના હોય છે. મોહનને હવે મેં મારો પતિ માની લીધો. પરણીને સાસરે ગઈ તેની પહેલા કંકુપગલાં કરવા ગઈ હતી ત્યારે તમે સાથે આવ્યા હતા...’’

‘‘હા, રૂપી....આપણે ત્રણ દિવસ રોકાયા હતા.’’

‘‘પછી આપણે પાછાં ફર્યા અને જે કંઈ બન્યું, એ એક કલંક બનીને મારી જીંદગીમાં પરણીને સાથેજ આવ્યું. મારા કાકાના દીકરા અરજણે મારું જીવતર ખેદાનમેદાન કરી નાખ્યું!’’

એ અટકી અને પછી આગળ બોલી:

‘‘...સહજીવનની અમારી પહેલી રાત હતી. હું તમને ભૂલી શકી નહોતી પણ મારા દેહ ઉપર મોહનનો હકક હતો. અગ્નિની સાક્ષીએ તેની પત્ની બની હતી. પણ સહજીવનનાં શમણાવંતી રાત્રે એણે પહેલો સવાલ મને એ કર્યો હતો કે ‘‘તારી અને આનંદ વચ્ચે કેવા સંબંધો છે?’’ મેં કહ્યું કે એકદમ પવિત્ર. એકદમ શુધ્ધ. એટલા શુધ્ધ કે શેરીમાં આપણે સાથે રમીને બેચાર છોકરા છોકરી મોટા થાય અને પછી, નિર્બંધ, નિર્મળ દોસ્તીની યાદો લઈને એમના પરિવારમાં સમાઈ જાય. એવાં!!..

તો મને કહે : જુઠ. એકદમ જુઠ!. તમારી બન્ને વચ્ચે કેવા સંબંધ હતા એ હું જાણું છું! એ અહીં આવ્યો ત્યારે એની આંખના ઈશારા અને તારી આંખના ઉલાળા મેં જોયા હતા. હું તો એ જ ઘડીએ પામી ગયો હતો‘

મારા પગ તળેથી ધરતી ખસી ગઈ. મેં કહ્યું કે તમે કહો એના હું સોગંદ ખાઉ, પણ, અમારી વચ્ચે કશું જ નહોતું. તમે મારી ઉપર વિશ્વાસ કરો.’’

‘‘સારૂ...તારી ઉપર વિશ્વાસ કરું. ‘‘ એણે તાતો સવાલ કર્યો:’’ પણ જે દિવસે કંકુ પગલા કરવા તું અહીં આવી હતી. એનાં બે-ત્રણ દિવસ પછી તને મોટર સાયકલ ઉપરથી એ તને તેડી ગયો તે દિ‘ની રાત તમે ક્યાં ગાળી હતી?

હું ધ્રુજી ઉઠી. જવાબ આપવામાં થોથવાઈ ગઈ. હું શું જવાબ આપું? મેં એને એ બધાનું વજુદ, કારણ અને ખુલાસો રજુ કરવાનું શરૂ કર્યું એ ભેળાજ એણે મને કહી દીધું કે હલકટ! નપાવટ! તે રાત્રે તું આનંદ ના હાથે બોટાઈ ગઈ હતી. આનંદે અને તેં એ જ રાત્રે સોહાગરાત ઉજવી લીધી હતી. હવે મારી સાથે ની સોહાગરાત એક તરકટ છે. સાલી કમજાત...!

હું શું બોલું એ જ મને સમજાયું નહીં. આ એ પુરૂષ હતો? જેને મેં અગ્નિની સાક્ષીએ મારો પતિ માન્યો હતો? આ એ પુરૂષ હતો જે બોલતો હતો કૈંક, અને વિચારતો હતો કૈંક?! એને હું છાતી ચીરીને ય કેમ બતાવી શકું કે એ રાતે કદાચ હું અખંડ રહી હોઉં તો માત્ર એને જ કારણે, જેની ઉપર તું આવો હલકટ આરોપ મૂકે છે?! પણ એની આંખોએ પાટા બાંધેલા હતા. એ સાચ જોઈ શકે એમ નહોતો. એની સત્ય જોવાની દ્રષ્ટિ જ ભૂંસાઈ ગઈ હતી!

‘‘ ઓહ..’’આનંદથી એક નિશ્વાસ નખાઈ ગયો..અને રૂપાએ આગળ બોલવાનું ચાલુ કર્યું...(ક્રમશ;) ■

# હવે એ બધું ઝાંઝવાના જળ જેવું જ સમજ, દામો !



## રાખનાં રમકડાં

‘‘પેટ્રોલ પંપના માલિક એવા મારા મિત્રે મને વધુમાં કહ્યું કે, તેની પત્ની તો હિરોઈન જેવી હતી, હા... જ્યોતિ તેનું નામ છે. ને તે ખૂબ જ સુંદર હતી. પરંતુ હવે તેનું રુપ પહેલાં જેવું નથી રહ્યું, ઓસરી ગયું છે. ફક્ત એક જ બાળકની માતા બનતાં તેનું શરીર સાવ ધોવાઈ ગયું છે. તેની મોટી મોટી આંખો ફરતે કાળાં કાળાં કુંડાળાં, ઘુંટણ સુધી પહોંચતા કાલા ભમ્મર લાંબા વાળ હવે વેંત વેંત જેવડા રહ્યા છે. ને તેનું સંતાન પણ જન્મ્યા પછી આજ દિવસ સુધી કંઈક અલગ બીમારીથી પીડાઈ રહ્યું છે...

‘‘ખરેખર દામો, હવે જ્યોતિ અને વિજયની હાલત અત્યારે તો નર્ક જેવી થઈ ગઈ છે. તને તો ઠીક પરંતુ હવે તો મનેય તેના પર ખૂબ દયા આવે છે’’ - આટલું બોલી રણમલ હવે ચૂપ થયો.

રૂમમાં સાવ શાંતિ હતી. થોડીવાર પછી રણમલે દામો સામે નજર કરી ત્યાં તો દામો અત્યારે રડતો દેખાયો. તેની આંખોમાંથી ટપ... ટપ... ટપ... કરતાં આંસુ વહતાં દેખાયાં, હા, દામો ખરેખર રડી રહ્યો હતો. એટલે તરત જ રણમલ બોલ્યો:

‘‘અરે ગાંડા...! તું રડે છે શું કામ? તું રડે કે ન રડે, માથા પછાડે કે ન પછાડે પરંતુ વિજય અને જ્યોતિની અત્યારની જે હાલત છે તેમાં કંઈ જ સુધારો થવાનો નથી. હવે સાચું બોલજે, મને એ કહે... તું શા માટે રડે છે...?’’

હાથના આંગળાથી આંખોમાંથી નીકળતાં આંસુને જેમ તેમ લૂછતાં લૂછતાં દામો મંદ અવાજે બોલ્યો:

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

‘‘કેવી હોનહાર, જોશીલી અને ખૂબ જ હોંશિયાર એવી છોકરીની સાવ આવી હાલત?! મારી નજર સામે જ્યોતિનો ઝંખનાતો હર્યોભર્યો ચહેરો હજી પણ ચમકી રહ્યો છે, દોસ્ત...!’’

‘‘હવે એ બધું ઝાંઝવાના જળ જેવું જ સમજ, દામો! હા, મેં જે કંઈ તને કહ્યું છે સાવ સત્ય જ છે, હકીકત જ છે. જો તને મારામાં વિશ્વાસ ન હોય તો અને તારે તેનો બંગલો નજરે જોવો હોય તો... મારી સાથે ચાલ. દૂરથી એટલે કે પેટ્રોલ પંપ પરથી હું તને બતાવીશ...’’

‘‘ના... ના દોસ્ત! એ બંગલો જોઈને મારે શું કરવું? એને જોઈને પણ મારે તો બળવાનું જ ને? ને હવે તારા પર મણ સુધીનો વિશ્વાસ હોય જ, તું સાચું જ કહે. હવે તો મારો ઈશ્વર જ્યોતિને સારું જીવન જીવવાની શક્તિ આપે એવી હું માત્ર પ્રાર્થના કરું છું. મારાથી હવે જ્યોતિ માટે કશું થઈ શકે તેમ નથી, પરંતુ હું જ્યોતિને કોઈ દિવસ ક્યારેય ભૂલી શકું તેમ તો નથી જ, એ મારો પ્રેમ છે...’’

‘‘હજી તું તેના વિશે આવું બોલે છે? તને સાવ સાચી સલાહ આપું...?’’ રણમલે પૂછ્યું. એટલે દામાએ તરત જવાબ આપતાં કહ્યું; ‘‘સલાહ સિવાય મારે હવે તારી પાસેથી બીજું કશું સાંભળવાનું રહ્યું પણ નથી, તું કહે...’’

‘‘તારે એક કામ કરવાનું છે. શાંતિ ભાભીને પ્રેમપૂર્વક ગળે વળગીને તેને સાચવી લેવાનું છે. ભાભીની આંખોમાં, એના સૂના હૃદયમાં તારું સ્થાન સાવ અલાયદું ખાલી જ પડ્યું છે. જો હવે તું આ તક ચૂકી ગયો તો પછી તારું જીવન બરબાદ બરબાદ થઈ જશે. શાંતિભાભીને પણ તું ખોઈ બેસીશ. માટે મારા મિત્ર... દોસ્ત, હવે તારા પ્રેમનો પ્રવાહ ફક્ત ને ફક્ત શાંતિભાભી પ્રત્યે જ વહેવા દે. તને મારી એક અંગત મિત્ર તરીકે સાચી સલાહ છે. પછી મારું કહ્ડ્યું માનવું ન માનવું એ તો તારા હાથની વાત છે. બાકી આ સમાજમાં આવા બનાવો તો બનતા જ રહેવાના. તારા જેવી હાલત આ દુનિયામાં, મોટાં શહેરોમાં અને નાનાં ગામડાંમાં પણ થતી જ રહે છે...!

‘‘સંસાર છે એટલે છેતરાવાનું અને છેતરવાનું કર્મ તો સતત ચાલ્યાં જ કરવાનું. પરંતુ છેતરાયા પછી સાવધાન કે સતર્ક થઈ જવાનું કર્મ તો આપણા હાથમાં જ છે. માટે મારી તને વિનંતી છે કે, આટલું આટલું થયા પછી હવે તો તું સાવધાન થઈ જા...’’

આમ જોઈએ તો સાચી સમજણ તો સાચો અને એક સારો મિત્ર જ સમજી શકે છે. કોઈએ એમ પણ કહ્યું છે કે, જો છેતરાવું જ હોય તો સાચા મિત્ર પાસે છેતરાઈ જવું ઉત્તમ છે. આવી છેતરામણીમાં જીવનભરનો આનંદ સમાયેલો હોય છે.

મિત્ર કોને કહેવાય? મિત્ર એટલે એવી વ્યક્તિ કે જેના દર્શન માત્રથી આપણું બધું દુઃખ દૂર થતું દેખાય અને આનંદની પળો સામેથી આવતી દેખાય! એક એવા નિર્દોષ સંબંધોની વિશિષ્ટ ભેટ એટલે જ મિત્ર...! મિત્રતાનો સંબંધ એક સાવ અનોખો અને પ્રેમનો સંબંધ છે. જ્યારે વિપરીત પરિસ્થિતિમાં બધા દૂર દૂર ભાગી જાય છે ત્યારે સાચો મિત્ર ગળે વળગી પડે છે. મહાન મિત્રની, મહાન દોસ્તીની આ જ સાચી વ્યાખ્યા છે. (ક્રમશઃ) ■

# પંખીડાને આ પિંજરૂ જૂનું જૂનું લાગે... ચિરવિદાયની વેળા



મૃત્યુની સભાનતાના પક્ષધરો બહુ છે અને એને જિદથી વિસ્મૃત કરનારા પણ છે. સામાન્ય મનુષ્ય જેમાં આપણે સહુ આવી જઈએ છીએ એને માટે તો મૃત્યુની સંભાવના સાવ ભૂલાઈ જવી સ્વાભાવિક છે. અંતઘડી પર કોઈનો અંકુશ નથી. આ એક વેન્ટિલેટરલ વાસ્તવિકતા છે. ટેકાથી આત્માનો મોભ બહુ ટકતો નથી. માણસજાતે મૃત્યુ અને મેડિસિનની એટલી ભેળસેળ કરી મૂકી છે કે જળદુગ્ધ વિચ્છેદ અશક્ય છે. આપણે ‘છીએ’ એમ માનીને ઘણુંક કરીએ છીએ તો કાલે સવારે ‘નથી’ એમ માનીનેય થોડુંક કરવું જોઈએ. આપણને જે નિકટજનોના ચિરવિદાયના સમાચાર મળે છે એમાંના કોઈ કોઈ એવા સ્વજનો હોય છે જેમને કંઈક કહેવાનું બાકી રહી ગયું હોય. કોરોનાકાળમાં આવા સંખ્યાબંધ કરૂણાંત કિસ્સાઓ સપાટી પર આવ્યા છે અને સમાજ માટે એ એક વિષાદયોગ છે.

આમ જુઓ તો બધાને તો ક્યાં આપણે હળીમળી શકીએ છીએ ? કેટલાક અંતરંગ મિત્રો હોવા છતાં એ ખબર હોય છે કે હવે આ ભવમાં એમને મળવાનું થશે નહિ. કેટલાક વિદ્યાર્થીઓ કે જેમની આંખની ચમક જોઈને શિક્ષકો ઉત્સાહથી વિદ્યાવ્યાસંગ કરતા હોય એ કંઈ શાળાઓમાં પાછા ફરવાના હોતા નથી. અરે ઓફિસમાં નોકરીના વરસોમાં પણ જે સખાઓના ગમતા ગમ્મતવદન હતા તે પણ ફરી જોવા મળવાના ન હોય. વતનમાં જ સ્થાયી થનારા મિત્રો ઢળતી સંધ્યાએ પણ સાથે ઓટલે બેઠા જોવા મળે છે પરંતુ વ્યાવસાયિક કારણોસર વિખૂટા પડેલા મિત્રોને તો ચિરવિદાયના માત્ર વાવડ મળે છે અને ત્યારે હૃદય એક ધબકારો ચૂકી જાય છે.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

જે સંબંધમાં બન્ને પક્ષધરોએ માની લીધું છે કે હવે ભેટો થવાનો નથી તો એમાં મૃત્યુ પ્રવેશી જાય છે. અને જેમાં બન્નેને આશા છે કે કદાચ હજુ ક્યારેક ઝાંખી થઈ જાય તો થઈ જાય... એમાં જિંદગી ધબકતી હોય છે. યુધિષ્ઠિર જેવા રાજવીએ જો યક્ષને એમ કહ્યું હોય કે બીજાઓને મૃત્યુ પામતા જોતો હોવા છતાં દરેક મનુષ્ય એમ માને છે કે હું તો મૃત્યુ પામવાનો નથી તો - એમાં આ જગતના સર્વકાલીન અજ્ઞાનનો હિસાબ આવી જાય છે. માણસજાતને વહાલું લાગતું આ અજ્ઞાન છે. ડેથ એક જમાનામાં દૈવી વિષય હતો. પછી વિજ્ઞાને એને હાથમાં લીધો. આજે ડેથ એક મેનેજમેન્ટનો વિષય છે. મૃત્યુની ડિઝાઈન ઐચ્છિક નથી હોતી. પરંતુ મરણોત્તર ડિઝાઈન હોય છે. એટલે કે સંબંધિત જાતકે પોતાની કાયમી અનુપસ્થિતિમાં પરિવાર વિશે જે કંઈ આયોજન કર્યું હોય એ એક ડિઝાઈન જ છે. કરકસરિયાઓ, લોભવૃત્તિની પ્રબળતા ભોગવનારાઓ, નિર્વ્યસનીઓ, ઉદ્યમી મહાપુરુષો અને સત્સંગી પ્રકૃતિ ધરાવનારાઓ પોતાની પાછળ નોંધપાત્ર વારસો મૂકતા જાય છે. આ યુગમાં સંસ્કારને જ ખરેખર તો વારસો ગણવો જોઈએ. વારસો મૂકવો જરૂરી છે કે નહિ એ વિશે મતમતાંતર છે. પશ્ચિમના દેશોમાં સામાન્ય જનજીવનમાં હવે વારસાની વાત જ અપ્રસ્તુત છે. આપણે ત્યાં સંપત્તિ સર્જનનો મહિમા છે. એક સંસ્કૃત સુભાષિતનો અર્થ છે કે ગમે તેટલો વિશાળ વારસો હશે પણ કુપુત્ર હશે તો ઉડાડી દેશે અને વારસામાં કંઈ નહિ હોય તોય સુપુત્ર હશે તે મહાલયો ઊભા કરશે. માટે બુધ્ધિમાન પુરુષે વારસાઈ સર્જનમાં જીવન વ્યતીત ન કરવું. પરંતુ સંતાનોના સંસ્કાર અને વિદ્યામાં જ સમય આપવો. કારણ કે જ્ઞાન આવ્યા પછી પણ અપલક્ષણો જતા રહેતા નથી. મૃત્યુ વિશે મનુષ્યને સભાન કરવા માટે ધર્મપુરુષોએ પણ બહુ વાતો કરી છે. કઠોપનિષદ સિવાય તો બધે જ મૃત્યુનો ભય બતાવવામાં આવ્યો છે. કુદરતને જોઈ લેવાની જરૂર છે. મૃત્યુનો વિચાર જ અકુદરતી છે. પશુઓ, પંખીઓ, જંતુઓની વિરાટ જીવસૃષ્ટિમાં મનુષ્ય સિવાય કોઈનામાં મૃત્યુચિંતન નથી. જીવન અને મૃત્યુ એ બન્નેમાં કુદરતે મેગ્નેટિક ફિલ્ડ જીવનમાં જ રાખ્યું છે. હર હાલતમાં જીવ જીવન તરફ જ ખેંચાય છે. એક પતંગિયું જુઓ... એ તો અમરપદ લઈને આવ્યું હોય એમ ફૂલો પર ઉડે છે. એક જ આયુષ્યમાં એ લાખો ફૂલોનો મધુરસ ચાખવા ચાહે છે. એને ખબર જ નથી કે એની હયાતી કેટલી અલ્પકાલિક છે. એને કારણે પ્રફુલ્લિત થઈ ઉડાઉડ કરે છે. મનુષ્યને પણ કુદરતના સિધ્ધાંત પ્રમાણે તો મૃત્યુની તમા જ ન હોવી જોઈએ. જે છે અને જ્યાં સુધી છે તે માત્ર જિંદગી છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# કેન્દ્રીયમંત્રી મનસુખ માંડવીયાએ પોરબંદર ખાતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

અમરેલી,તા.૧૩



કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાએ પોરબંદર ખાતે 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. માંડવીયાએ જણાવ્યું કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે આગામી ૨૫ વર્ષનો અમૃતકાળ ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. તેમણે દેશને આત્મનિર્ભરતા તરફ લઈ જવા અને ગુલામીની માનસિકતામાંથી બહાર આવવા માટે યુવાનોને સાંસ્કૃતિક વારસાને સમજવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન આગામી ૨૫મી તારીખથી અમદાવાદ-પોરબંદર-મુંબઈ હવાઈ સેવા ફરી શરૂ કરવાની મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, યુવાનોના વિચારો સીધા વડાપ્રધાન સુધી પહોંચાડવા માટે ઓગસ્ટ મહિનાથી 'વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ' અંતર્ગત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાશે, જેમાં પસંદ થયેલા શ્રેષ્ઠ યુવાનોને દિલ્હીના ભારત મંડપમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સીધો સંવાદ કરવાની સુવર્ણ તક મળશે. મંત્રીએ 'માય ભારત' ડિજિટલ પ્લેટફોર્મની સફળતા અને કોરોના કાળમાં ભારતે મેળવેલી વૈજ્ઞાનિક સિદ્ધિઓની પણ સરાહના કરી હતી.

# ધારી ફોરેસ્ટ ગાર્ડ હત્યા કેસના મુખ્ય આરોપીની જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

અમરેલી,તા.૧૩



અમરેલી જિલ્લાના ધારી વિસ્તારમાં વર્ષ ૨૦૧૭માં બનેલા ફોરેસ્ટ ગાર્ડ હત્યા કેસમાં ગુજરાત હાઈકોર્ટે મુખ્ય આરોપી દોસ્ત મહોબત અલ્લારખા બલોચની જામીન અરજી ફગાવી દીધી છે. આ કેસમાં આરોપી સહિત કુલ સાત વ્યક્તિઓ સામે હત્યા, એટ્રોસિટી, ગુજરાત પોલીસ એક્ટ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. કેસ મુજબ, ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ પેટ્રોલિંગ દરમિયાન જંગલ વિસ્તારમાં શંકાસ્પદ રીતે ઉભેલી ઈનોવા કાર પાસે પહોંચ્યા હતા. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે કેટલાક લોકો ગેરકાયદેસર રીતે સિંહ દર્શન માટે આવ્યા હતા. ફોરેસ્ટ કર્મચારીઓએ તેમને સ્થળ છોડવાની સૂચના આપી હતી. બાદમાં નદી વિસ્તારથી પરત ફરેલા આરોપીઓએ ફોરેસ્ટ કર્મચારીઓને ઘેરી હુમલો કર્યો હતો. હુમલામાં ૨૮ વર્ષીય ફોરેસ્ટ ગાર્ડ ધર્મેન્દ્ર વાળાને છરી અને પાઈપ વડે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ થયું હતું. સરકારી વકીલે દલીલ કરી હતી કે આરોપી ગંભીર ગુનામાં સંડોવાયેલો છે અને તેની સામે કડક સજા થઈ શકે છે. હાઈકોર્ટે જામીન અરજી ફગાવતાં ટ્રાયલ ઝડપથી પૂર્ણ કરવા પણ નિર્દેશ આપ્યો છે.


# ગુજરાતમાં તા.૧૫ પછી ચોમાસુ પ્રવેશ કરશે : અંબાલાલ પટેલ

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અને ઉકળાટ અનુભવાઈ રહ્યો છે, ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાહતના સમાચાર આપ્યા છે. તેમની આગાહી મુજબ, ૧૫ જૂન પછી રાજ્યમાં ચોમાસાની ગતિવિધિઓ વધુ સક્રિય બનશે અને અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જામશે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીની હવામાન પ્રણાલીઓને કારણે ચોમાસા માટે અનુકૂળ સ્થિતિ સર્જાઈ રહી છે, જેનાથી સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં સારો વરસાદ પડી શકે છે. આ વરસાદી માહોલ શરૂ થતાં જ ખેડૂતોને વાવણીની કામગીરીમાં વેગ મળશે. લાંબા સમયની પ્રતિક્ષા બાદ વરસાદ આવવાથી લોકોને કાળઝાળ ગરમી અને પાણીની સમસ્યામાંથી મોટી રાહત મળવાની આશા સેવાઈ રહી છે.

# બંગાળમાં ટીએમસી નેતા અભિષેક બેનરજીના નિવાસસ્થાને પોલીસે કર્યુ સર્ચ ઓપરેશન

કોલકાતા,તા.૧૩



પશ્ચિમ બંગાળમાં રાજકીય હલચલ વચ્ચે મમતા બેનર્જી અને અભિષેક બેનર્જીની મુશ્કેલીઓ વધી રહી છે. કોલકાતાના કાલીઘાટ સ્થિત અભિષેક બેનર્જીના નિવાસ્થાને શનિવારે વહેલી સવારે ૪ વાગ્યે બે પોલીસ સ્ટેશનની ટીમ સર્ચ ઓપરેશન માટે પહોંચી હતી. વારંવાર ફોન કરવા છતાં દરવાજો ન ખુલતા પોલીસે ડિઝાસ્ટર મેનેજમેન્ટની મદદથી મુખ્ય દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને સવારે ૭ વાગ્યા સુધી તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી અભિષેકના પીએ સુમિત રોયની શોધખોળ માટે કરવામાં આવી હતી, જેમની પર વિધાનસભા ચૂંટણીની ટિકિટના બદલામાં મોટી રકમ લેવાનો આરોપ છે. જમીન ભ્રષ્ટાચારના કેસમાં પકડાયેલા પૂર્વ ધારાસભ્ય સુજાય હાજરાની પૂછપરછમાં આ નાણાકીય વ્યવહાર સામે આવ્યો હતો. ગઈકાલે રાત્રે સુમિતનું મોબાઈલ લોકેશન આ ઘરની આસપાસ મળતાં પોલીસ ત્યાં પહોંચી હતી, પરંતુ તેઓ ન મળતા પોલીસ પરત ફરી હતી. ઘટનાની જાણ થતાં મમતા બેનર્જી પણ ત્યાં પહોંચ્યા હતા.

# સાળંગપુર હનુમાનજી પ્રતિમાના કોપીરાઈટ અંગે સંત સમાજમાં રોષ

ભાવનગર,તા.૧૩

બોટાદના પ્રસિધ્ધ સાળંગપુર ધામમાં સ્થાપિત ૫૪ ફૂટ ઊંચી 'કિંગ ઓફ સાળંગપુર' હનુમાનજીની પ્રતિમાના કોપીરાઈટ અને ટ્રેડમાર્ક મુદ્દે ગુજરાતના સંત સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મહામંડલેશ્વર અખિલેશ્વર દાસજી, બાબા જ્યોતિર્નાથ મહારાજ અને મહંત સુખરામદાસ બાપુ સહિતના ધાર્મિક આગેવાનોએ આ કાનૂની હકોનો ખુલ્લો વિરોધ કર્યો છે. તેમનું માનવું છે કે સનાતન ધર્મના દેવી-દેવતાઓ સમગ્ર સૃષ્ટિના છે, તેથી તેમના સ્વરૂપ કે નામ પર કોઈ સંસ્થા કે સંપ્રદાયનો વિશેષ અધિકાર હોઈ શકે નહીં.

સંતોએ ચેતવણી આપી છે કે જો આ કાનૂની નિર્ણયો પર પુનર્વિચાર કરી સ્પષ્ટતા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન થઈ શકે છે.

# સુરતના જમનાબા વિદ્યાર્થી ભવન બિલ્ડીંગને મળ્યો આઉટસ્ટેન્ડીંગ કોન્ક્રીટ સ્ટ્રક્ચર એવોર્ડ-૨૦૨૬

સુરત,તા.૧૩



શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત સંચાલિત 'જમનાબા વિદ્યાર્થી ભવન'ને ધી ઈન્સ્ટીટયુટ ઓફ સિવિલ એન્જીનીયર્સ એન્ડ આર્કિટેક્ટ અને અલ્ટ્રાટેક તરફથી ઈન્સ્ટીટયુસનલ કેટેગરીમાં 'આઉટસ્ટેન્ડિંગ કોન્ક્રીટ સ્ટ્રક્ચર ઓફ સુરત-૨૦૨૬' એવોર્ડ પ્રાપ્ત થયો છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પિત થયેલા આ ભવનને સન્માનિત કરવામાં આવ્યું હતું. સુરત-કામરેજ રોડ પર સ્થિત, ૧૩ માળનું અને ૩ લાખ ચોરસ ફૂટનું આ ભવ્ય બિલ્ડીંગ ૧૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી હોસ્ટેલ, વિશાળ પુસ્તકાલય, કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ અને ૩૧ ફૂટ ઊંચી સરદાર પટેલની પ્રતિમા જેવી સુવિધાઓ ધરાવે છે. આ મજબૂત બાંધકામના નિર્માણ બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ ભવાનભાઈ નવાપરા અને હરિભાઈ કથીરિયા સહિત આર્કિટેક્ટ કૌશલ લહેરી તથા પી.એમ.સી.ની ટીમને એવોર્ડ આપી ગૌરવપૂર્વક સન્માનિત કરાયા હતા.

**૪ ગણતરીદારો ફરજમાં હાજર ન થતા તેમના વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યાં**

# અમરેલીમાં વસ્તી ગણતરીના કામમાં બેદરકાર રહેનાર ગણતરીદારો, સુપરવાઈઝરોને નોટીસ

**નોટીસ આપવામાં આવતા આળસુ કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો**

અમરેલી,તા.૧૩

જનગણના કામગીરીમાં બેદરકારી દાખવનાર કર્મચારી સામે કાર્યવાહી કરાતા ફફડાટ ફેલાયો છે. અમરેલી નગર સેવા સદન દ્વારા જનગણના-૨૦૨૭ અંતર્ગત કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી માટે વિવિધ વિભાગોમાંથી કુલ ૨૫૧ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.સત્તાવાર માહિતી અનુસાર, ૧ જૂન ૨૦૨૬ થી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન કામગીરી પૂર્ણ કરવાની હતી. જોકે કેટલાક કર્મચારીઓ દ્વારા કામગીરીમાં બેદરકારી દાખવાતા નગર સેવા સદને કડક વલણ અપનાવ્યું છે. અમરેલી શહેરના ૪૭ ગણતરીદારોને નોટિસ આપવામાં આવી છે. જે પૈકીના ૪ ગણતરીદારો ફરજમાં હાજર ન થતા તેમના વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. સાથોસાથ ફરજમાં બેદરકારી દાખવનાર ૧૨ સુપરવાઈઝરને ચાર્જ અધિકારીએ સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા નોટીસ આપવામાં આવતા આળસુ કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# બગસરાના ઘંટીયાણ ગામે ૨૪ કલાક બાદ પણ પરિવારજનોએ બાળકનો મૃતદેહ ન સ્વીકાર્યો

**વન વિભાગ બાહેંધરી આપે પછી જ બાળકનો મૃતદેહ સ્વીકારવામાં આવશે**

અમરેલી,તા.૧૩

બગસરા તાલુકાના ઘંટીયાણા ગામે ગુરુવારની મોડી રાત્રે સિંહણ દ્વારા પરપ્રાંતિય બાળકને મોતને ઘાટ ઉતાર્યો હતો. જોકે આ ઘટનાની જાણ ગ્રામજનોને થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા ગ્રામજનોએ ઉગ્ર માંગ કરી હતી કે જ્યાં સુધી જવાબદાર વન અધિકારી સામે ફરિયાદ નોંધાવવામાં નહીં આવે ત્યાં સુધી બાળકનો મૃતદેહ સ્વીકારશે નહીં તેથી હજુ પણ બાળકનો મૃતદેહ પરિવારજનો એ ન સ્વીકાર્યો હોવાની માહિતી મળી છે. ખેડૂતોએ રોષ જણાવ્યું હતું કે વન વિભાગ ખાત્રી આપે જો આવનારા સમયમાં કોઈ માનવ જીવ વન્ય પ્રાણીનો શિકાર ન બને અને કોઈ ખેડૂતના ખેતરમાં વન્ય પ્રાણીનું આકસ્મિક મોત થાય તો ખેડૂત સામે પોલીસ ફરિયાદ કરવામાં નહીં આવે, જો વન વિભાગ આવી બાંહેધરી આપે પછી જ બાળકનો મૃતદેહ સ્વીકારવામાં આવશે.આમ છેલ્લા ૨૪ કલાકથી પરિવારજનોએ બાળકનો મૃતદેહ ન સ્વીકારતા વન વિભાગમાં દોડધામ મચી જવા પામી છે.

# થોરડી (ગીર)માં દીપડાનો આતંક, ત્રણ લોકો પર હુમલો

ઉના,તા.૧૩

ગીર ગઢડા તાલુકાના થોરડી (ગીર) ગામમાં આજે સવારે દીપડાના હુમલાથી ભયનો માહોલ સર્જાયો હતો. સવારે લગભગ ૯ વાગ્યે માલાભાઈ લાખાભાઈ મોઢકિયા અને તેમના ભત્રીજા દિવ્યેશ જયંતીભાઈ મોઢકિયા કેળાના બગીચામાં કામ કરી રહ્યા હતા ત્યારે દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. દરમિયાન કેશુભાઈ નારણભાઈ મોઢકિયા પણ ઘાયલ થયા હતા. રાડારાડ થતાં આસપાસના લોકો દોડી આવતા દીપડો ત્યાંથી ભાગી ગયો હતો. ત્રણેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ગીરગઢડાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને દીપડાને પકડવા માટે પાંજરા ગોઠવ્યા હતા, પરંતુ દીપડો નજીક આવી ફરી બાજુની વાડીમાં ભાગી ગયો હતો.

# દેશમાં ખાદ્ય ફુગાવો છેલ્લાં ૧૬ મહિનાની ટોચે પહોંચ્યો, સામાન્ય માણસના ખીસ્સા પર બોજ વધ્યો

નવી દિલ્હી,તા.૧૩

ભીષણ ગરમીની સાથે દેશમાં મોંઘવારી પણ આસમાને પહોંચી છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અહેવાલ મુજબ મે મહિનામાં છૂટક ફુગાવો ૧૬ મહિનાની ટોચે પહોંચ્યો છે. ખાદ્ય ફુગાવો એપ્રિલના ૪.૨૦ ટકાથી વધીને ૪.૭૮ ટકા થતાં સામાન્ય માણસના ખિસ્સા પર બોજ વધ્યો છે. તેલ, ટામેટાં (૪૮.૪૩%) અને આદુ (૩૨.૪૯%) ના ભાવવધારાએ રસોડાનું બજેટ બગાડ્યું છે. આ ઉપરાંત ચાંદીના દાગીનામાં ૧૫૫.૨૩ ટકા અને સોના-હીરાના દાગીનામાં ૪૦.૯૩ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. જોકે, બટાકા અને લીલા વટાણા જેવા કેટલાક શાકભાજીના ભાવમાં ઘટાડો થયો છે. રાજ્યોમાં ૬.૧૫ ટકા સાથે તેલંગાણા સૌથી મોંઘું રહ્યું છે.

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ—પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકા ગામે આવેલી ખેતીની જમીનના માલીક શ્રીમતી અસ્મીતાબેન બાવચંદભાઈ સુદાણી ના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૩૪૭, (૧) સ.ન.-૨૪૪ (જુનો સ.ન.-૫૯ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી.જરાયત : ૧-૩૮-૫૯ + પો.ખ.૦-૦૩-૦૪, કુલ : ૧-૪૧-૬૩, આકાર-૦.૯૫ તથા (૨) સ.ન.-૨૪૫ (જુનો સ.ન.-૫૯ પૈકી ૨),ક્ષેત્ર.હે.આરે.ચોમી. જરાયત ૧-૩૮-૫૬, આકાર—૧.૦૦ વાળી ખેતીની જુની શરતની જમીનો આવેલ છે.

ઉકત જણાવ્યા મુજબની ખેતીની જમીનમાં શ્રી દાડમા સેવા સહકારી મંડળી લી. ના અંકે રૂ/.૨૧,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો દાખલ થવા અંગેની હકપત્ર નોધ નં-૧૨૯૭, તા.૨/૫/૨૦૨૬ થી થયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૧૩/૬/૨૦૨૬

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

# રાજુલા નજીક નીલગાય સાથે અકસ્માતમાં મહિલા ઈજાગ્રસ્ત

રાજુલા,તા.૧૩



રાજુલાના ચારનાળા નજીક રખડતી નીલગાય સાથે મોટરસાયકલ અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક ચાલકે હેલ્મેટ પહેરેલું હોવાથી તેમનો આબાદ બચાવ થયો હતો, જ્યારે તેમની સાથે બેઠેલા મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.ઘટનાની જાણ થતાં જ રાજુલા પોલીસ સ્ટેશનના મહિલા પી.એસ.આઈ. એસ.બી. જાની સહિતનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે રાજુલા હોસ્પિટલ ખસેડવાની કામગીરી કરી હતી. પ્રાથમિક માહિતી મુજબ ભોગ બનનાર પરિવાર કોડીનાર પંથકનો છે.

# કોડીનારના રાજકીય અગ્રણી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના યુવાનો માટે અનોખો શિક્ષણ ઉપક્રમ

કોડિનાર,તા.૧૩



ગીર-સોમનાથ જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના ભત્રીજા કોડીનારના રાજકીય અગ્રણી અને ઉદ્યોગપતિ રાજમોતી પરિવારના શિવાભાઈ સોલંકી દ્વારા પોતાના સ્વર્ગસ્થ પુત્ર મિતની યાદ માં એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. જિલ્લાના એવા વિદ્યાર્થીઓ કે જેઓ આર્થિક સંજોગો, યોગ્ય માર્ગદર્શનના અભાવ અથવા મોંઘી કોચિંગ ફી ભરવામાં અસમર્થ હોવાના કારણે સરકારી નોકરીના સપનાઓ સાકાર કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે, તેમના માટે "આદર્શ લાઈવ" સંસ્થાનો પ્રખ્યાત "ઓલ ઈન વન" કોર્ષ સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. સામાન્ય રીતે એક વિદ્યાર્થી માટે રૂ. ૧૫,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલી ફી ધરાવતા આ કોર્સનો સમગ્ર ખર્ચ રાજમોતી પરિવાર તથા શિવાભાઈ સોલંકી દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.

**દારૂ કોની રહેમરાહ નીચે વેચાય છે ? લોકોમાં સવાલ**

# જે.વી.કાકડીયાના જાહેરમાં દારૂ વેચાવાના નિવેદન બાદ સરકાર ક્ષોભજનક સ્થિતિમાં

અમરેલી,તા.૧૩

ધારી પંથકમાં અસામાજિક તત્વોએ ખેતરમાં ઘુસી ખેડૂતો પર જીવલેણ હુમલો કરતા આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને ધારાસભ્ય જે.વી.કાકડીયા, પૂર્વ ધારાસભ્ય મનસુખ ભુવા, નલીન કોટડીયા સહિતના આગેવાનોએ રોષભેર પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. આ ઘટનાની ગંભીરતા લઈ પોલીસે તાત્કાલિક અસમાજિક તત્વોને ઝડપી પાડ્યા હતા. જો કે ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ધારી પંથકમાં બેફામ દારૂ વેચાતો હોવાનો સ્વીકાર કરતા લોકો પણ દંગ રહી ગયા હતા. ભાજપના ધારાસભ્યએ દારૂબંધીના લીરેલીરા ઉડાડતું નિવેદન આપતા રાજય સરકાર પણ કઠેડામાં મુકાઈ ગઈ છે. ધારાસભ્ય જે.વી.કાકડીયાના નિવેદન બાદ લોકોમાં આક્રોશ ફાટી નિકળ્યો છે. લોકોએ રોષ સાથે જણાવ્યું હતું કે ધારાસભ્ય જ સ્વીકાર કરતા હોય દારૂ બેફામ વેચાઈ રહ્યો છે તો અત્યાર સુધી કેમ કોઈ કાર્યવાહી કરી નહી. ધારાસભાથી લઈ કેન્દ્ર સરકાર સુધી ભાજપની સરકાર છે તો શું દારૂ વેચવા માટે ભાજપ સરકારની જ મંજૂરી છે કે શુ? તેવો સવાલ ઉઠવા પામ્યો છે. જો કે દારૂ ફક્ત ધારી જ નહી બગસરા પંથકમાં પણ બેફામ વેચાઈ રહ્યો છે ત્યારે તંત્ર આંખ આડા કાન કરતું હોય તેવુ લાગી રહ્યું છે. આમ, ધારાસભ્યએ દારૂ વેચાતો હોવાનો સ્વીકાર કરતા લોકોમાં રોષ ફેલાયો છે.

**ગૃહમંત્રીને રજૂઆત કરવામાં આવશે : જિલ્લા ભાજપ પ્રમુખ**

ધારાસભ્ય જે.વી.કાકડીયાએ ધારી પંથકમાં દારૂ વેચાતો હોવાનો સ્વીકાર કર્યા બાદ આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ પણ સ્વીકાર કર્યો હતો કે છાને ખૂણે દારૂ વેચાઈ રહ્યો છે. જો કે આ બાબતે પોલીસને કડક કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું છે. વધુમાં અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે ધારી વિધાનસભા વિસ્તારમાં વેચાતા દારૂ અંગે ગૃહરાજય મંત્રીને પણ રજૂઆત કરવામાં આવશે જો કે હવે આગામી દિવસોમાં રાજય સરકાર દારૂબંધી માટે કેવી કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

**પોલીસની છત્રછાયા નીચે જ બુટલેગરો છાકટા બન્યા**

ધારી વિધાનસભા વિસ્તારમાં બેફામ દારૂ વેચાતો હોવાના ધારાસભ્યના નિવેદનને લોકોએ પણ સ્વીકાર કરી પોલીસની કામગીરી અંગે પ્રશ્નાર્થ ઉઠાવ્યા છે. જાણવા મળતી માહિતી મુજબ બુટલેગરો પોલીસની છત્રછાયા નીચે જ છાકટા બન્યા છે ત્યારે પોલીસ પ્રજાનો નહી પરંતુ બુટલેગરોનો મિત્ર હોય તેવુ ચિત્ર ઉપસી આવ્યું છે. પોલીસ દારૂબંધીનો કડક અમલ કરી અસામાજિક તત્વોની શાન ઠેકાણે લાવી ધારી વિધાનસભા વિસ્તારમાં દારૂબંધીનો કડક અમલ કરાવે તેવી લોકો આશા સેવી રહ્યાં છે.

**દારૂની બાતમી મળે તો પોલીસને જાણ કરો : એએસપી**

ધારી પંથકમાં દારૂ વેચાતા અંગે એએસપી જયવીર ગઢવીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે પોલીસ દ્વારા બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે આમ છતાં કોઈને દારૂ વેચાતો હોવાની બાતમી મળે તો પોલીસને જણાવવવા અપીલ કરી છે. જો કે દારૂ કોણ વેચે છે ક્યાં વેચાઈ છે તેની તમામ જાણકારી સ્થાનિક પોલીસને છે આમ છતાં પોલીસ બુટલેગરો સામે કોઈ કામગીરી કરતી ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

# અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે ફ્લાઈટના શૌચાલયમાંથી રૂ.૪.૨૬ કરોડનું સોનું ઝડપ્યું


અમદાવાદ,તા.૧૩




અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ વિભાગે ગુપ્ત બાતમીના આધારે એક મોટી કાર્યવાહી હાથ ધરીને સોનાની તસ્કરીના મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી અમદાવાદ આવેલી ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ઈ-૧૪૭૮ લેન્ડ થયા બાદ, અધિકારીઓએ એરક્રાફ્ટ એન્જિનિયર્સની મદદથી વિમાનના આગળના ભાગમાં આવેલા શૌચાલયની સઘન તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન શૌચાલયના સ્પીકર બોક્સની અંદર કાળા રંગની પ્લાસ્ટિક ટેપથી વીંટાળેલા બે શંકાસ્પદ પાઉચ મળી આવ્યા હતા. અધિકારીઓએ આ પાઉચ ખોલતા તેમાંથી વિદેશી માર્કિંગ ધરાવતા, ૨૪ કેરેટ અને ૯૯૯.૦ શુદ્ધતાવાળા કુલ ૨૪ સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલા આ સોનાનું કુલ વજન આશરે ૨,૭૯૯.૩ ગ્રામ એટલે કે લગભગ ૨.૮ કિલોગ્રામ છે, જેની સ્થાનિક બજારમાં કિંમત આશરે ૪,૨૬,૮૯,૩૨૫ રૂપિયા આંકવામાં આવી છે. કસ્ટમ વિભાગે સોનું જપ્ત કરી મુસાફરોના લિસ્ટના આધારે આંતરરાષ્ટ્રીય તસ્કરી નેટવર્કની ઊંડી તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં હર્ષ સંઘવી અને નરેશ પટેલ વચ્ચે મુલાકાત થતા રાજકીય ચર્ચાઓ

રાજકોટ,તા.૧૩



રાજકોટમાં સાંઢીયા પુલના લોકાર્પણ કાર્યક્રમ બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં બંને આગેવાનો વચ્ચે લગભગ અડધો કલાક સુધી બંધબારણે બેઠક યોજાઈ હતી. વર્ષ ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે યોજાયેલી આ મુલાકાતને કારણે રાજકીય વર્તુળોમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.ધારાસભ્ય રમેશ ટીલાળાએ જણાવ્યું હતું કે હર્ષ સંઘવીની ઈચ્છા મુજબ શુભેચ્છા મુલાકાત માટે તેઓ નરેશભાઈ પટેલને મળવા આવ્યા હતા. આ મુલાકાતને રાજકીય દ્રષ્ટિએ જોવાની જરૂર નથી અને નરેશભાઈ પટેલની નિવૃત્તિ અંગેનો નિર્ણય તેમનો વ્યક્તિગત વિષય છે.બીજી તરફ નરેશભાઈ પટેલે પણ જણાવ્યું હતું કે હર્ષ સંઘવી તેમના ઘરે માત્ર ચા-પાણી અને સૌજન્ય મુલાકાત માટે આવ્યા હતા. બંને વચ્ચે સામાજિક મુદ્દાઓ અંગે સામાન્ય ચર્ચા થઈ હતી અને કોઈ રાજકીય વિષય પર ચર્ચા થઈ નહોતી.

# સુરત ડિમોલિશન વિવાદ મામલે મ્યુનિ.કમિશનરને દિલ્હીનું તેડું

સુરત,તા.૧૩

સુરતના નાસિરનગર વિસ્તારમાં થયેલા કથિત ભૂતિયા ડિમોલિશન મામલે મોટો વળાંક આવ્યો છે. આ વિવાદ દિલ્હી પહોંચતા મ્યુનિસિપલ કમિશનર એન. નાગરાજનને હાઈ કમાન્ડે દિલ્હી બોલાવી સમગ્ર ઘટનાની વિગતવાર માહિતી મેળવી છે. આ ઘટનાના ૧૪ દિવસ અને તપાસ કમિટીની રચનાના ૭૦ કલાક બાદ પણ કોઈ પગલાં ન લેવાતા સવાલો ઉઠ્યા હતા. આ ડિમોલેશનના કારણે લગભગ ૧૦૦ પરિવારો રસ્તા પર આવી ગયા છે અને તેમણે ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે. હવે હાઈ કમાન્ડની સીધી દખલગીરી બાદ કમિશનર નાગરાજન દ્વારા બે અધિકારીઓ સહિત ડીસીપી નકુમ અને સોનારા સામે તાત્કાલિક કડક કાનૂની કે વહીવટી એક્શન લેવાય તેવી પ્રબળ શક્યતા જોવા મળી રહી છે.

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર કાળમુખા ત્રિપલ અકસ્માતમાં ચાર લોકોના થયા મોત

રાજકોટ,તા.૧૩



રાજકોટ-અમદાવાદ હાઈવે પર બેટી રામપર ગામ નજીક ભારત પેટ્રોલિયમના ટેન્કર, ટ્રક અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત એટલો જોરદાર હતો કે ઈકો કારનો કૂચો બોલી ગયો હતો, ટ્રક રોડ પર પલટી મારી ગયો હતો અને ટેન્કરની કેબિનનો પણ બુકડો વળી ગયો હતો. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિકો અને વાહનચાલકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ કુવાડવા અને એરપોર્ટ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે મૃતકો ધૂના ડાભી, લાભુ મેઘાણી અને વિલાસબેન મેઘાણીના શબોને પીએમ અર્થે ખસેડીને ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી.

# રાજય સરકારનો શાળા પ્રવેશોત્સવ હવે ૨૩થી ૨૫ જૂન દરમિયાન યોજાશે

ગાંધીનગર,તા.૧૩

રાજય સરકાર દ્વારા રાજ્યના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની તારીખોમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ૧૮થી ૨૦ જૂન દરમિયાન યોજાનારો આ કાર્યક્રમ હવે ૨૩થી ૨૫ જૂન દરમિયાન યોજાશે. શિક્ષણ વિભાગે નવી તારીખો જાહેર કરીને તમામ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે. પ્રવેશોત્સવ દરમિયાન સરકારી ખર્ચમાં ઘટાડો અને પર્યાવરણ સંરક્ષણને ધ્યાનમાં રાખી ખાસ પરિવહન વ્યવસ્થા અમલમાં મુકવામાં આવશે. અધિકારીઓને વ્યક્તિગત સરકારી વાહનોના બદલે ટ્રેન અથવા કાર પુલિંગ દ્વારા પ્રવાસ કરવાની સૂચના આપવામાં આવી છે. જ્યાં રેલવે સુવિધા ઉપલબ્ધ હોય ત્યાં વંદે ભારત સહિતના જાહેર પરિવહનનો ઉપયોગ ફરજિયાત રાખવામાં આવ્યો છે.

# વડોદરામાં મિત્રના નિધન બાદ અન્ય બે મિત્રોએ કર્યો આપઘાત

વડોદરા,તા.૧૩

વડોદરાના માણેજા વિસ્તારમાં મિત્રતા અને માનસિક આઘાતની એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં એક મિત્રના અવસાનના આઘાતમાં અન્ય બે યુવકોએ ૨૪ કલાકના ગાળામાં આપઘાત કરી લીધો છે. મૂળ બિહારનો અને મકરપુરા જીઆઈડીસીમાં ફરજ બજાવતો રવિશંકર પ્રસાદ ૧૧ જૂનના રોજ વતનમાં રહેતા એક નજીકના મિત્રના આપઘાતના સમાચાર સાંભળી ભારે આઘાતમાં સરી પડ્યો હતો. તેણે સોશિયલ મીડિયા પર ભાવુક સંદેશ લખ્યા બાદ મકરપુરા રેલવે સ્ટેશન નજીક ટ્રેન સામે કૂદીને પોતાનું જીવન ટૂંકાવી દીધું હતું.હજુ આ આઘાત શમ્યો ન હતો ત્યાં જ બીજા દિવસે રવિશંકર સાથે એક જ રૂમમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના વિકાસ પ્રસાદે પણ મિત્રના અચાનક મૃત્યુના આઘાતમાં પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો હતો. રોજગાર માટે વતનથી દૂર સાથે રહેતા આ બંને યુવાનોના ક્રમિક મોતથી સમગ્ર વિસ્તારમાં ભારે શોક વ્યાપી ગયો છે. રેલવે અને સ્થાનિક પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક આઘાત અંગે સમાજ સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

# ડભોઈમાં વીજપોલ ધરાશાયી થતાં ત્રણ શ્રમિકોના મોત

વડોદરા,તા.૧૩



વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ભાવપુરા ગામે પાવરગ્રીડ કંપની હેઠળ હાઈટેન્શન લાઈનના કેબલો નાખવાની અને મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી હતી. આ સમયે વીજપોલ પર ચઢીને કામ કરી રહેલા શ્રમિકો અચાનક થાંભલો ધરાશાયી થતાં નીચે પટકાયા હતા. આ ગંભીર અકસ્માતમાં પશ્ચિમ બંગાળના ગોડાગ ગામથી રોજીરોટી માટે આવેલા શ્રમિકો પૈકી ત્રણનાં કરુણ મોત નીપજ્યાં છે. ઘટનામાં અન્ય ચાર શ્રમિકો ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જેમાંના એક શ્રમિકનું વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ દુર્ઘટનાને પગલે ડભોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને આ સમગ્ર મામલે કાયદેસરની તપાસ હાથ ધરી છે.











